**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫-૦૦** આજીવન **૨૫૧**-૦૦
વિદેશમાં વાર્ષિક રૂા. ૩૦૦-૦૦ (વિમાનથી) આજીવન ૩૦૦૦-૦૦

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧. ફોન : **૨૫૬૫૮૧૧, ૨૫૬૦૬૪૯**
- ADHYATMA Email Address : adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Ma from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. ડો. બી. જે. જાગાણી, ૨. શ્રી ગોરધનભાઇ કલોલા અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન ભરતકુમાર ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર—૧.

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૦ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| અભિનંદનીય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| સૂરજના સથવારે | ડો. પ્રકાશ ગજ્જર | ૧૧ |
| ગુરુપૂર્ણિમાની ઉજવણી | માનો સેવક | ૧૬ |
| ગુરુપૂર્ણિમાની ગુરુદક્ષિણા | નારાયણ હ. જાની | ૧૮ |
| ગુરુપૂર્ણિમા નિમિત્તે સંદેશ | મા સર્વેશ્વરી | ૨૨ |
| જીવન | યોગેશ્વરજી | ૨૭ |
| તુલસીકૃત રામચરિત-માનસનું રસદર્શન—૩ | નિર્ભયરામ વૈષ્ણવ | ૨૮ |
| આપણા આધ્યાત્મિક ગુરુ અને ગુરુમાઇ | પ્રો. તરલા દેસાઇ | ૩૪ |
| મા મા શ્રી શારદાદેવી—(૩) | પ્રો. અરૂણિકા દરૂ | ૪૩ |
| મારા ગુરુદેવ પ્રત્યે મારો અહોભાવ શા માટે? | નારાયણ હ. જાની | ૫૦ |
| શ્રદ્ધાંજલિ—શ્રી એસ. સી. મહેતા સાહેબને | તંત્રી | ૬૧ |
| રસેશ્વરી | યોગેશ્વરજી | ૬૩ |


○

**● ભક્તિસુધા ●**

**(મહારાજશ્રી નથુરામશર્મા)**

પ્રભુભક્તિના સ્વાદનું, મુખથી કથન ન થાય;
જાણે તે માણે સદા, રાખી મૌન સદાય. ૧૫
સર્વ શાસ્ત્ર ને સજ્જનો, કહે પોકારી એહ;
પ્રીતિવિનાનાં સાધનો, જાણો રણમાં મેહ. ૧૬
જપ તપ ને કર્માદિથી, પ્રભુશ્રી વશ નવ થાય;
અનન્યપ્રેમના વેગથી, તે પ્રભુ વશ થઇ જાય. ૧૭

## ❁ અભિનંદનીય સહાય ❁

પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુ,
પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

આપના પુનિત સ્પર્શે વિદેશની ધરતી ઉપર કેનેડા–ટોરન્ટોમાં ૧૯૮૧ ના ડીસેમ્બરમાં શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્રનો પ્રાદુર્ભાવ થયો.

મા સર્વેશ્વરીની નિયમિત થતી વિદેશયાત્રાથી શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર પણ પ્રારંભ પામ્યું.

આપે અમને જગાડ્યા, વ્યસન મુક્ત કર્યા, પવિત્ર પંથે પગલા ભરતા થયા અને શ્રી સુરેશ-ભાઈ શાહના અતિનિયમિત પ્રયત્નોથી અને શિસ્તના પાઠ શીખતા સત્સંગ સુખ પામ્યા.

આપનું સ્થાપેલું 'અધ્યાત્મ' માસિક અમને ૨૫ વરસથી આ સુખ ધરતું રહ્યું છે.

એવા અનંત ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમે આ અંક આપના તીર્થચરણે અર્પણ કરતાં ધન્યતા અનુભવીએ છીએ.

—શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર
શ્રી યોગેશ્વર યુવા કેન્દ્ર
ટોરન્ટો, કેનેડા.



**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
—મા સર્વેશ્વરી

વર્ષ : ૨૬ ઓગસ્ટ–૨૦૦૫ અંક ૧૧

# શ્રી યોગેશ્વર કથામૃત

—મા સર્વેશ્વરી

**તા. ૧૫–૧૧–૮૧ રવિવાર, કારતક વદ ચોથ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : સાન્ટાએના, કેલીફોર્નિયા, અમેરિકા.**

સ્નાન, વ્યાયામ, મંત્રજપનો આજે સવારે એ બધો જ કાર્યક્રમ સમયસર થયો. નવ વાગ્યે દૂધ આપવા માટે શ્રી કંચનબેન આવે છે. દૂધ ખૂબ ઠંડુ છે જેથી સર્વેશ્વરી સત્સંગની બે વાતો કંચનબેનને કહેવા રોકાય છે, અને એમાં ૯:૪૫ વાગી ગયા. પૂ. શ્રીએ થોડી ગંભીર સૂચનાઓ આપી કહ્યું, 'સવારનો કિંમતી સમય આપ આ રીતે વિતાવો તે યોગ્ય છે? સત્સંગની વાતો તો બપોરે પણ થાય' વગેરે.

પૂ. શ્રીની સૂચના સાચી હતી. નવા નવા સત્સંગી આત્મા-ઓ સાથે થોડી વાર પ્રભુની વાતો કરવાની ટેવ એ સર્વેશ્વરીની નબળાઈ છે. એમાંથી મુક્ત થવાની સજાગતા મળે એ જરૂરી છે. ગુરુની સેવામાં અનિયમિતતા કે ગુરુના અંતઃકરણને

અશાંતિ કે દુભાવવું એ સાધનામાં સર્વપ્રકારે બાધક છે, તે જાણવા છતાં એવી ભૂલો થઈ જાય છે. પ્રભુ! એમાંથી મુક્ત કરો, એવી પ્રાર્થના સર્વેશ્વરી કરે છે.

પૂ. શ્રીને વિનંતિ કરતાં પાછળથી દૂધ પીધું. લેખનકાર્ય-માંથી બે મિનિટ પણ બગડે તે પૂ. શ્રીને પાલવે નહીં. જેથી શ્રી કંચનબેન દૂધ આપવા આવે ત્યારે પ્રણામ કરવા આવે પણ પૂ. શ્રી તો પોતાના કાર્યમાં જ મગ્ન હોય છે. સતત અવિરત જ્ઞાનયજ્ઞ ચાલુ જ રહે છે! ૧૧ વાગ્યે પૂ. શ્રી એક—બે મહત્ત્વની વાતો ઉપર પરમશક્તિની આજ્ઞા માગે છે.

આજે સાડા અગિયારની મુલાકાતમાં શ્રીકંચનબેનનો એક પ્રશ્ન શ્રી ઈશ્વરભાઈએ રજૂ કર્યો.

પ્રશ્ન : તંત્ર માર્ગ ને મંત્ર માર્ગ એટલે શું?

પૂ. શ્રી : મંત્ર એટલે જપ, જેમાં મંત્રની ઉપાસનાથી જ પ્રભુદર્શનની વાત આવે. જ્યારે તંત્ર માર્ગમાં મંત્રો પાછળ બીજ જોડાય. તંત્રમાર્ગીઓએ મંત્રમાં ફેરફાર કર્યા. એમાં બીજમંત્ર સિવાયના કોઈ મંત્ર નથી. તંત્રમાર્ગમાં બે જ ઉપાસ્ય ગણાય છે. એક શંકર ભગવાન ને બીજાં મહામાયા ભગવતી.

તંત્ર માર્ગમાં પણ બે માર્ગ એક શુદ્ધ ને એક અશુદ્ધ. શુદ્ધ મંત્રદ્વારા દેવી ભગવતીના દર્શનની ઈચ્છા કરે ને બીજો માર્ગ વામમાર્ગ છે જેનાં સાધનો અશુદ્ધ નથી, પણ તે સાધકોને અશુદ્ધ કરી શકે એવી શક્યતા હોય છે.

દા. ત. વામમાર્ગમાં દેવીને માંસ અર્પણ કરવામાં આવે. એ માંસ જ તે દિવસે ખાવાનું પણ બને. એ રીતે પોતાની સ્ત્રીને દેવી માનવાની વાત છે, પણ એ દેવી માનવામાં ને પૂજા કરવામાં, કામવાસના ભોગવવામાં પણ શુદ્ધ જ રહેવાનું. દેવી માનીને પૂજા કરતાં લાંબે ગાળે એમાં જગદંબાનો પ્રાણ આવે ને



દર્શન થાય. આ આધારમાં ભ્રષ્ટાચાર પણ ચાલે છે. (એમ કહી તંત્રમાર્ગમાં સાધકોને છેતરવાની વાત હમણાં ઈંગ્લેન્ડમાં થઈ તેની વાતો કરે છે). તંત્રમાર્ગ સાધકોના આત્મકલ્યાણ માટે હતો. તેને બદલે સાંસારિક વાસના માટે ઉપયોગ થવા લાગ્યો. ધન તરફ જ સૌનું ધ્યાન છે.

પ્રશ્ન : દરેક સંતો કહે છે કે ગુરુ તો કરવા જ જોઈએ!

પૂ. શ્રી : તો હું પણ એમ જ કહું છું, ગુરુ કરવા જ જોઈએ. તમે એમ જ માનો કે ભગવાન જ આપણા ગુરુ છે.

વગેરે વાતો થઈ. સૌએ વિદાય લીધી. આજે ભોજનમાં મગ, ભાત, શીરો લીધો. ભોજન બાદ આરામ.

સાંજે ૬ થી ૭ ધ્યાનનો કાર્યક્રમ થયો, અને આઠ વાગ્યાથી સત્સંગ શરૂ થયો. આજે અહીં જ સત્સંગ હતો. પૂ. શ્રીએ એમાં સર્વેશ્વરીના પરિચયની વાતો કરી. એમાં ગુરુની સેવાની વાતો થતાં શિષ્યો ગુરુના ખૂન પણ કરે છે એ વાત ઉપરથી એક ભાઈએ પ્રશ્ન પૂછ્યો.

પ્રશ્ન : ગુરુ ને શિષ્ય એકમેકને ભાવથી જ સ્વીકારે તોપણ તેવું બને?

પૂ. શ્રી : (માસ્ટર મહાશય ને સ્વામી યોગાનંદની વાતો થઈ). માસ્ટર મહાશયે કહ્યું, હું તારો ગુરુ નથી. તારા ગુરુ તને કલકત્તાની બહાર મળશે. આદર્શ ગુરુ કોણ બની શકે? (તેમાં રમણ મહર્ષિની વાતો થઈ.) વળી એ વાત પછી પૂ. શ્રીએ કહ્યું : ગુરુશિષ્યનો સંબંધ શેઠ ને નોકરનો નથી. એ સંબંધ માનવ માનવ સાથેનો, માનવતાયુક્ત દૈવીસંબંધ છે. ગુરુ શિષ્યને હલકો માનતા નથી. શિષ્ય પોતાની ભૂમિકા કાચી માની પોતે હલકો હલકો માને છે.

આટલી વાતો સાંભળી એક બેને પ્રશ્ન પૂછ્યો : જેણે ગુરુ કર્યા હોય તેણે ગુરુની જ પૂજા કરવી જોઈએ કે ભગવાનની પૂજા કરવી જોઈએ?

પૂ. શ્રી ગુરુની ગુરુ તરીકે પૂજા કરો ને ભગવાન પાસે પહોંચવાનું છે એમ માની ભગવાનની પૂજા કરો. કેટલીક વાર ગુરુ જ ભગવાન છે એવું મનમાં આવે તો ગુરુને પણ પ્રભુ તરીકે માની પૂજી શકાય. તમારામાં ભેદબુદ્ધિ નાશ પામતાં એ રીત થઈ શકે. એવી ભેદબુદ્ધિ દૂર થતાં ગુરુ એ મહાપુરુષ છે એને બદલે તે ભગવાન જ છે એવી ભાવના થાય અને ગુરુ જ જાણે રામ કે કૃષ્ણ કે શંકર, એટલે કે ભગવાનનું જ રૂપ લઈને આવ્યા છે એમ માનવા માંડે છે. આ આખોયે પ્રશ્ન ભાવનાનો છે.

એક ભાઈએ તરત જ પ્રશ્ન પૂછ્યો : તો પછી અહીં ગુરુની પૂજા એ વ્યક્તિપૂજા નથી બની જતી?

પૂ. શ્રી : એ તો એમના શરીરને પૂજીએ તો એ વાત થાય. પણ કોઈ એક વ્યક્તિને સમષ્ટિનું વ્યક્તરૂપ માનતા હોઈએ ને એ વ્યક્તિના શરીરને નહીં પણ એમાં જે પ્રકાશ છે તે પ્રભુનો છે એમ માની પૂજા કરો તો તે વ્યક્તિપૂજા નથી. ગુરુને પ્રભુ માનવા એ ભાવના પણ જીવનમાં આવવી ખૂબ અઘરી છે. પૂર્વના સંસ્કારો પ્રમાણે તેવી ભાવના જાગે. ગીતામાં ભગવાને કહ્યું, જ્યાં જ્યાં વિભૂતિ છે, જ્યાં જ્યાં મધુરતા છે, અલૌકિકતા છે, વિશેષતા છે, પવિત્રતા છે ત્યાં ત્યાં તે પ્રભુ જ છે. તો એ દૃષ્ટિએ પ્રભુને શોધવા બહુ દૂર જવું પડતું નથી.

પ્રશ્ન : વ્યક્તિપૂજાથી સાંપ્રદાયિકતા ઉભી થાય છે?

પૂ. શ્રી : હા. પણ દરેકમાં જે સારુ છે તેને જ પૂજો ને! એકને શ્રેષ્ઠ ગણાવવા, બીજાને કનિષ્ઠ બતાવવા જરૂરી નથી.



અને પૂજન એટલે શું? આવકાર—Appreciation. એમાં ઝનૂન આવવું ન જોઈએ.

પ્રશ્ન : અમે એવું સાંભળ્યું છે કે આપણા શરીરમાં ચોવીસ કલાક અઢી શબ્દનો એક મંત્ર ફર્યા કરે છે. તો તે અમારાથી જાણી શકાય તો કૃપા કરી કહો.

પૂ. શ્રી : 'ૐકાર'—કુડલીની શક્તિ જાગ્રત થાય ત્યારે નાભિમાંથી ઉત્પન્ન થતા ૧૦ પ્રકારના નાદ સંભળાય છે. એમાં એક નાદ 'ૐકાર'ને મળતો પણ સંભળાય છે. એટલે તેને 'પ્રણવનાદ' પણ કહેવાય છે.

પ્રશ્ન : દેવદેવીઓના જુદાં જુદાં સ્વરૂપો છે એમાં કયા સ્વરૂપમાં વધારે તેજ છે?

પૂ. શ્રી : મૂળ તો પરબ્રહ્મ પરમાત્મા છે. ભક્તની ભાવના પ્રમાણે તે તે સ્વરૂપે પ્રગટે છે. સૌની શક્તિ એક જ છે. જે અત્યાર સુધી પ્રગટી ચૂક્યા તે, અને પ્રગટશે તે તે ભક્તોની ભાવના પ્રમાણે ફરી પણ પ્રગટે. જેમ વિજળીની બત્તીનો કોઈ મૂળ રંગ—રૂપ નથી, એમ દેવદેવીઓનાં પણ કોઈ મૂળ રંગ—રૂપ નથી. એ તો ભાવના પ્રમાણે પ્રગટે. મહાપુરુષોના, દિવ્ય સંતોના દર્શન થાય તો તેમાં સૌ પ્રથમ પ્રકાશ પ્રગટે ને પછી તેમાંથી આકાર, પછી વળી તે આકૃતિ ધીમે ધીમે અદૃશ્ય થાય. પછી છેવટે પ્રકાશ પણ અદૃશ્ય થાય. એટલે ત્યાં કંઈ જ નથી રહેતું. જ્યાં નથીંગ ત્યાં સમથીંગ છે! મૂળ પ્રકાશ સ્વરૂપ જ છે.

એ ઉપરથી સર્વેશ્વરીને પ્રકાશદર્શન વારંવાર થાય છે તેની વાતો થઈ. સર્વેશ્વરી એકાદ અનુભવ સંભળાવશે, એવી પૂ. શ્રીની સૂચના થતાં એક અનુભવ સર્વેશ્વરી સૌને કહી સંભળાવે છે. જેમાં દૂધના ઉપવાસ દરમ્યાન પૂ. શ્રીના સ્થૂળશરીરમાં

પ્રકાશદર્શન થયું તે અને આલંદીમાં સાંભળેલી પ્રાર્થના પ્રસંગ શ્રોતાઓને કહી સંભળાવ્યો. ત્યાર બાદ એક ભજન ગાવાનું બન્યું. સૌ વિદાય થયા.

આજનો સત્સંગ બેઠક ઓરડામાં થયો. ૧૦–૧૨ ભાઈ-બેનોની હાજરી હતી. આજે તો પૂ. શ્રી સાનફ્રાન્સીસકો જવા નીકળનાર હતા. જેથી કોઈ કાર્યક્રમનું આયોજન ન હતું છતાં અહીં રોકાવાનું થયું, તો થોડો સત્સંગ થઈ શક્યો.

પૂ. શ્રી પોતાના આરડામાં ગયા. શ્રી ભગવાનજીભાઈ બેગ લેવા માટે આવે છે. પૂ. શ્રી તેમને આવતી કાલે થનારી મુસાફરીની ટિકિટના પૈસા આપે છે. વળી શ્રી ભગવાનજી-ભાઈએ બે રીટર્ન ટિકિટ મોકલી હતી તેના પૈસા પાઉન્ડના ચલણમાં આપવામાં આવે છે.

એ અંગે ભગવાનજીભાઈએ કહ્યું : અમે તો એવી ભાવના-થી ટિકિટો મોકલેલી કે આપ આવો તો લોકોને તમારા જ્ઞાનનો લાભ મળે. આ તો પ્રભુનું જ છે ને પ્રભુને આપવાનું છે. અમારાથી આ ટિકિટના પૈસા ના લેવાય.

એમનાં પત્ની શ્રી કંચનબેન પણ કહેવા લાગ્યાં : 'પેલી આરતીમાં આવે છે ને, 'તેરા તુઝકો અર્પણ' મહાત્માજી, એ રીતે અમારાથી કશું વધારે થયું નથી. આ સેવા નથી, અમે એ રકમ નથી લેવાનાં.'

સર્વેશ્વરી : આ તો આ વખતે આપ ટિકિટના પૈસા ના લો તો ભવિષ્યમાં તમે બન્ને તમારે હાથે જ અમારા આવવાના દ્વાર બંધ કરો છો. અમને બીજી વાર સંકોચ ન થાય તે માટે પણ લઈ લો. અને પૂ. શ્રી તો ભારતમાં કોઈ પાસે કંઈ મંગાવે તો વ્યવહારની દૃષ્ટિએ તે રકમ આપી દેવામાં જ માને. તો આ તો



ઘણી મોટી રકમ છે. એટલે એક ટિકિટના પણ લઈ લો અને બન્ને ટિકિટના લો તો ઘણું સારુ.

પૂ. શ્રી : પરદેશમાં આવવાનું થાય ત્યારે રિટર્ન ટિકિટ હોય તો વીસા મેળવવામાં મુશ્કેલી ન પડે એ હેતુથી તમારા જેવા સેવાભાવી ને પ્રેમી પાસે ટિકિટ મંગાવી લઈએ અને પ્રભુની કૃપાથી અમને એટલી રકમ વિનામાંગ્યે સહજ રીતે મળી જાય છે. તો અમે તમને આપીએ છીએ ને! અમારે ક્યાં કોઈ દુકાન કે પેઢી છે? તમે જ આપો છો ને તમને જ અમે ફરી આપીએ છીએ!

અગાઉ પણ અમે આવેલા ત્યારે ટિકિટના પૈસા અમે ઈંગ્લેન્ડમાં જેણે કઢાવેલી તેને તેટલી રકમ આપી દીધેલી. આપની ભાવનાની કદર કરું છું પણ આ રકમ તમે રાખો.

શ્રી ભગવાનજી ને કંચનબેન : ના, એ પૈસા અમે ન જ લઈએ. અને જ્યારે જ્યારે જગદંબા આપને પરદેશ આવવાનો આદેશ કરે ત્યારે ત્યારે અમને જણાવી દેવાનું. અમે જરૂર ટિકિટ મોકલીશું.

શ્રી ભગવાનજીભાઈ : હું વરસો પહેલાં ઈંગ્લેન્ડ આવેલો ત્યારે ત્રણ જ પાઉન્ડ લઈને આવેલો. પ્રભુની કૃપાથી કોઈ તકલીફ પડી નથી. આ જે કંઈ મળે છે તે તેને માટે જ વપરાય છે. એટલે આ રકમ તમારે જ્યાં વાપરવી હોય ત્યાં વાપરજો.

આ ચર્ચા વચ્ચે શ્રી ઈશ્વરભાઈએ કહ્યું : ભગવાનજીભાઈ હમણાં તો લઈ લો. મુસાફરીમાં એઓ ક્યાં રાખે? પછી તમે વિચારજો, હમણાં મોડું થાય.

એથી વાતનો અંત આવ્યો. સૌ વિદાય થયા. પૂ. શ્રીએ દૂધ લીધું, આરામ કર્યો.

હરિઃ ૐ (ક્રમશઃ)

# સૂરજના સથવારે

ડો. પ્રકાશ ગજ્જર

એ ભાવુક મિત્રને અચાનક જ ભક્તિનો નાદ લાગેલો. પૂર્વજન્મનાં પુણ્યો અચાનક જાગી ગયા હશે તો શ્રી રામકૃષ્ણ પરમહંસદેવનું જીવનચરિત્ર હાથમાં આવી ગયેલું. સવારે જાગતાંની સાથે એમનો ભાવાવેશ શરૂ થાય. સૂરજ આથમવા લાગે ને એમની અશ્રુધારાઓનો પ્રવાહ વધી જાય. મારા પરિચયમાં આવતાં જ મેં એમના અશ્રુપ્રવાહના ટાઈમટેબલની નોંધ લીધી. સાંજ પડે ને એમનાં હીબકાં વધી જાય. કારણ પૂછતાં એ કહે : "દિવસ પૂરો થયો. સૂરજ આથમી ગયો. પણ ભગવતીનાં દર્શન ના થયાં. મારું આજનું જીવન એળે ગયું. મારી ભક્તિ ને ઉત્સાહનો અર્થ ના રહ્યો."

આવા ભાવુક માનવીને મારે કેમ સમજાવવું કે સૂરજ આથમી જાય એટલે ઉત્સાહને આથમી જવાની કોઈ જરૂર નથી. અહીં હું કોઈ પણ પ્રકારના સૂરજના આથમી જવાની વાત કરું છું.

પેલા મિત્ર આપણાથી વિમુખ થઈ ગયા. એક સરસ મજાના મિત્રના સુંદર સંબંધનો સૂરજ આથમી ગયો. પણ એનું શું છે? દુનિયામાં, માનવજાતમાં પ્રલય તો નથી આવ્યો ને? પેલા વીસ હજાર રૂપિયા ડૂબી ગયા. એટલે શું જિંદગી ખતમ થઈ ગઈ? ગયા વર્ષે એ વીસ હજાર આપણી પાસે નહોતા. ત્યારે પણ સૂરજ—જિંદગીનો સૂરજ—તો પ્રકાશતો જ હતો.

પેલું આયોજન પાણીમાં ગયું. તો છો ગયું. જિંદગી તો પાણીમાં નથી ગઈ ને? આપણે તો જીવતા છીએ ને? અરે, નવું



આયોજન કરીશું. દિમાગને ફરીથી કામે લગાડીશું. એક નવો સૂરજ ઉગાડીશું. હતાશ થવાની જરૂર શી છે? પેલો વિચાર કામ ના આવ્યો. એટલે શું બધા વિચારો નિર્વંશ ગયા? વિચારોની ફેક્ટરી જેવું મન તો ધમધમી રહ્યું છે ને અત્યારે એ હતાશામાં હોઈ ઠંડુ પડી ગયેલું લાગે તોય શું? એને ગરમાતાં વળી વાર કેટલી?

મિત્ર, રૂપિયા, આયોજન, વિચાર આ બધા તો ક્ષણિક સૂર્યો છે. હું તો પૂર્વાકાશમાં ઊગતા ને પશ્ચિમમાં આથમતા સૂરજને પણ ક્ષણિક જ કહીશ. એ આથમે છે તો ઊગે છે પણ ખરો. આપણો ને એનો નાતો ક્ષણ ક્ષણનો જ.

મારા એક વડીલ મને જ્યારે પણ મળે ત્યારે પૂછે જ : "હમણાં શાનો પ્રોજેક્ટ ચાલે છે? કોઈ નવો પ્રોજેક્ટ ઊગ્યો ખરો? પેલો ચાલુ હતો એ છે કે આથમી ગયો?" એમની જ ભાષામાં ને ઢબમાં જવાબ આપતાં હું કહું : "તમે ને હું આથમ્યા નથી ત્યાંસુધી રોજેરોજના સૂરજની જેમ પ્રોજેક્ટ પણ ઊગતા ને આથમતા રહેશે."

મિત્રના નિમિત્તે મારે પોતાની જાતને ને તમને પણ કહેવાનું છે કે આ સૂરજ ઊગવાનો પ્રોજેક્ટ જે રોજેરોજ ચાલે છે એમાં જીવવાના પ્રોજેક્ટ નિમિત્તે આપણે પોતે શું કરીએ છીએ? ફાલતું પ્રશ્નો જ પૂછતા રહીએ છીએ કે કશુંક નક્કર કરીએ છીએ?

ચાર્લ્સ શ્વેબ મારું એક પ્રિય પાત્ર. સમય મળશે તો એનું જીવનચરિત્ર લખીને ગુજરાતી જનતાને ભેટ આપીશ. એક સામાન્ય મજૂર. ખંત, નિષ્ઠા, કર્મઠતા, ચીવટ, કાર્યકુશળતા અને ખાસ તો અતિઉત્સાહના કારણે પોતાના સમયની મોટામાં

મોટી પોલાદ ફેક્ટરીનો એ વડો બનેલો. વાર્ષિક પગાર કરોડો ડોલરનો! ઉત્સાહની બાબતમાં એને કોઇ પહોંચી ના શકે.

ગીતામાં 'કર્મમાં કુશળતા એટલે યોગ' એવી એક વ્યાખ્યા આવે છે. એમાં જ બીજી વ્યાખ્યા છે 'સમત્ત્વ એટલે યોગ' આ બેય કસોટી ઉપર ખરા ઊતરનારા શ્વેબને હું યોગી જ કહું. એના જેવા કાર્યક્ષમ અને જીવનના ઉત્સાહવાળા માણસો મેં ઓછા જાણ્યા છે. આવો શ્વેબ કહેતો : ''અપરિમિત ઉત્સાહથી જ અપરિમિત મહત્તાવાળાં કાર્યો સિદ્ધ થઇ શકે છે.''

મારે આ વિધાનમાં થોડોક વધારો કરવો છે. અપરિમિત મહત્તાવાળાં જ નહીં, સાવ સામાન્ય કાર્યો પણ ઉત્સાહદ્વારા સિદ્ધ થઇ શકે છે. સામાન્ય જીવનને હું ત્રણ પૈસાનું ગણું છું. એમાં બે પૈસાની બુદ્ધિ કામ કરતી હોય. એને અપરિમિત ને અસીમ ને એવા વિચાર આવે કેમ કરીને?

બુદ્ધિના બખેડાંઓ—એટલે કે અક્કલનાં ઓથમીરો—પોતાની જાતને ઉત્તમ ન્યાયાધીશ સમજીને ચાલે છે. એમને ઉત્સાહ-સભર જીવનના મહત્ત્વનો અણસાર પણ નથી હોતો. આ બિચારાઓને અક્કલનો અપચો થઇ ગયેલો હોય છે. બૂઠ્ઠી થઇ ગયેલી એમના તર્કની તલવાર સતત વિંઝાયા કરતી હોય છે. નકારાત્મકતાની ઘસાઇ ગયેલી સરાણને એ સતત ફેરવ્યા કરતા હોય છે. એમને ઉત્સાહ જેવા જીવનમૂલ્યનું શું મૂલ્ય હોય?

એક માણસ જ્યારે અતિઉત્સાહી બને, એનો ઉત્સાહ એક દિશામાં ધમધમાટ વહેતો થાય ત્યારે એ પોતે જ એક જબર-જસ્ત બળ બની જાય છે. પછી એને કોઇ રોકી ના શકે. અવ-રોધો એને કાંઇ ના કરી શકે. પછી તો એ અનેરો એકલવીર બની જાય.



આવા એક અનોખા એકલવીર વિષે મને જાણવા મળ્યું ત્યારે હું એના ઉપર ઓવારી ગયેલો. સાવ સામાન્ય લાગતા એ વીરની વાણી તો જુઓ : ''હું એકલો છું. પણ છું તો ખરો ને? મારાથી બધું જ નહીં થઇ શકે પણ કંઇક તો થઇ શકશે ને? મારાથી જે કાંઇ થઇ શકે એ હું કરીશ જ.'' કોઇ ઢોલનગારાં નહીં. કોઇ આત્મપ્રશંસાના બૂંગિયા નહીં, કોઇ પ્રચ્છન્ન પીપૂડી પણ નહીં. બસ, સરળ વિચાર, સાદો તર્ક અને એક અડગ નિરધાર.

કીંગ નામનો એક ચિંતક થઇ ગયો. એ આખા પાશ્ચાત્ય જગતમાં વિખ્યાત છે. એનું ગદ્ય પણ એટલું જ સરસ. ઈમર્સનની જેમ એની શૈલિ પણ સૂત્રાત્મક. એક પરિચ્છેદમાં તમને પાંચ રત્નકણિકાઓ મળે એનું લખાણ એટલે હીરા-મોતીની હારમાળા. બસ, વાચન—ચિંતન—પ્રેરણાનો મહોત્સવ પળેપળે ઊજવતા જ જાઓ. એનું એક વિશ્વવિખ્યાત પ્રેરણા-મોતી આ છે : ''નિશ્ચય કરો. દૃઢ નિરધાર કરો. વિરાટની તમામ કુમક તમારી ભેરે આવશે, પરમની સર્વ શક્તિઓ તમારી સાથે થઇ જશે.'' હું આમાં ઉમેરો કરીશ કે સ્વયં વિરાટ તમારામાં જાગી જશે.

મારો એક પ્રિય ફિલસૂફ. એણે જીવન વિષે અદ્‌ભુત ચિંતન આપ્યું ને પોતેય અદ્‌ભુત જીવન જીવી ગયો. જીવન, જગત અને જગદીશ્વરને ખરેખર જાણનારો એ ખરો ફિલસૂફ હતો. એક વખત એ કહે : ''બે બાબતો મને હંમેશાં આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે. જેમ જેમ વિચારું છું તેમ તેમ એમના વિષેનો મારો અહોભાવ વધતો જાય છે.''

''એવી બે કઇ ધન્ય બાબતો છે?'' એના મિત્રે એને ભાવથી પૂછ્યું.

"એક તો આપણી આસપાસનું અનંત નભોમંડળ અને બીજું આપણી ભીતરનું એ નભોમંડળ કરતાં પણ વિરાટ વિશ્વ ને એનું અજબગજબનું સંચાલનતંત્ર." થોડો જ વિચાર કરવાથી એનાં વિધાનનો મર્મ સમજાશે.

વર્ષો પહેલાં હું એક વાક્ય મારા ટેબલપર રાખતો. "પ્રત્યેક દિવસને ભરપૂર ચાહો. આમ પણ દિવસો ટૂંકા હોય છે ને સંખ્યામાં પણ બહુ સીમિત હોય છે. માટે..." આ વાક્યને મેં ઈરાદાપૂર્વક અધૂરું રાખેલું. મારું મન રોજ એમાં પ્રેરણાનાં એક બે મનોહર મોરપિચ્છ ઉમેરે જ. મારા મનનું વિશ્વ એનાથી એવું તો શોભીતું બની જતું—ને આજેય બની જાય છે—કે આખો દિવસ ધન્ય બની જતો. સમય ક્યાં છે? સમય ક્યાં વધારાનો છે?

મારા એક કુદરતપ્રેમી વડીલ એંસી વરસની વયે પણ કહેતા : "જિંદગી કેટલી ઝડપથી વીતી ગઈ!" દિવસો મને સાવ ટૂંકા લાગે છે. કેટલું બધું ચિંતન કરવાયોગ્ય હજુ સ્પર્શી શકાયું જ નથી. કેટલું બધું વાંચવાનું બાકી છે. કુદરતના કેટલાય ભંડાર હજુ વણપ્રીછ્યા રહી ગયા છે. મારે કેટકેટલા માનવીઓ સાથે મેળો કરવો છે. જેમ જેમ વય વધતી જાય છે તેમ તેમ આ વિશ્વનું સૌંદર્ય અને આશ્ચર્યો ઉપર હું વધારે ને વધારે મુગ્ધ બનું છું."

જિંદગીનાં બોંતેર વર્ષ પૂરાં કર્યાં પછી મને પણ આવા જ ભાવ જાગે છે. સમય ઓછો પડે છે. ઉત્સાહના ધોધ સમાતા નથી. મોક્ષના વૈભવો જે હોય તે. આ ક્ષણ, આ સમય, આ જીવન એની ભવ્યતા ને અનન્યતા તો જુઓ! સૂરજ આથમ્યા પછી પણ ઝળહળતા રહેતા આ ભીતરી સૂરજની નોંધ તો લ્યો!



# ગુરુપૂર્ણિમાની ઉજવણી

**માનો સેવક**

મહાત્મા શ્રી યોગેશ્વરજી અને મા શ્રી સર્વેશ્વરીના સાધક અનુયાયીઓએ આ વર્ષે ગુરુપૂર્ણિમાનું પર્વ (તા. ૨૧—૭—૦૫) અંબાજી ખાતેના સ્વર્ગારોહણતીર્થમાં સરસ રીતે ઉજવ્યું. પૂ. મા શ્રી સર્વેશ્વરીની સૂચના પ્રમાણે બધા જ સાધકો યોગતીર્થમાં સવારે છ વાગે—સ્નાનવિધિથી પરવારી ભેગા થઈ—"યોગેશ્વર-પ્રભુ દર્શન આપે સત્યપથને દ્વારે રે, દર્શન કરતાં શિશ નમાવી સર્વેશ્વરી સુખ પામે રે." પૂ. માએ રચેલ ગુરુદેવશ્રીની દિન-ચર્યાના પ્રભાતિયાના ગાનથી કર્યો. પછી ૨૦ મિનિટના સમૂહધ્યાનની શાન્તિનો સુખદ અનુભવ કરી, પૂ. મા—પ્રભુનાં સ્વરૂપોને વંદન કર્યાં.

જે કાષ્ટ પાદુકાઓ પૂ. શ્રી હિમાલયમાં તપ કરતા સમયે પહેરતા, તેને સુશોભિત કરેલ પાલખીમાં પધરાવી—સ્વર્ગા-રોહણના પરિસરમાં—બાવનીઓના ગાનસાથે પ્રભાત વંદનામાં ફેરવી—કુટિયાની પ્રદક્ષિણા કરી ત્યાં પધરાવી. આ પાદુકાઓને દરેક સાધકને પાલખીદ્વારા પોતાના ખભે ધારણ કરતાં—ભારે આનંદનો અનુભવ થયો—એ પાદુકાઓનું પણ કેવું સૌભાગ્ય કે એક નિર્જીવ વસ્તુ મહાપુરુષનો સંસ્પર્શ પામી—કેવી સરસ પૂજ્ય ને પવિત્ર બની ગઈ!

યોગશૈવલ્યમ્‌માં ગુરુસ્તુતિ ને પ્રણામોના કાર્યક્રમ સાથે—પૂ. યોગેશ્વરજીની ખૂબ પ્રેરક અને ભારે જોસીલી વાણી સાંભળવા મળી. તો પૂ. માએ પ્રભુપંથે પગલાં માંડવા માટે પોતાની પાત્રતા વધારવા કરેલા પુરુષાર્થની વાતો કહી. ગુરુપૂર્ણિમા નિમિત્તે પૂ. માએ અમેરિકાથી ફેક્સદ્વારા ખાસ સંદેશો મોકલા-

વેલ. ડો. અરૂણાબેન ઠાકરે તે સંદેશાનું વાંચન કર્યું. તેનો ભાવાર્થ પણ સમજાવ્યો. (આ સંદેશો આ જ અંકમાં છાપ્યો છે.) પ. પૂ. માની કલમ વિદેશની ધરતી ઉપર પણ સરસ રીતે ચાલી રહી છે. તેની પ્રસાદીરૂપ પૂ. માએ જે ભજન મોકલ્યું છે, તેમાં પૂ. ગુરુદેવની અદૃષ્ટ કૃપાથી પોતાની મંત્રજપની સાધના અને અન્નવિના શરીરની યાત્રા કેવી સરસ રીતે ચાલી રહી છે, તે માટે આભાર માન્યો છે. તો સાથે સાથે નાવ વગર સંસાર સાગર તરી જવા માટે શ્રદ્ધાપૂર્વક શરણ લેવા સાધકોને અનુરોધ કર્યો છે. આમ પૂ. માએ પોતાના અને પૂ. ગુરુદેવના ઈશ-સામર્થ્યની બાંયધરી પણ આપી છે. આ ભજનનું ગાન શ્રી દમયંતીબેન ભક્તે કર્યું.

આ પ્રસંગે સાધકોને પૂ. માની સૂચના મુજબ ઉદ્‌બોધન કરવા—અનેક અંતરાયો પાર કરી પ્રો. તરલાબેન મોડે મોડે પણ આવી પહોંચ્યાં હતાં તેઓએ પૂ. મા—પ્રભુના મહિમાને વર્ણવતું સરસ પ્રવચન કર્યું આ અંકમાં તે અક્ષરસહ છાપ્યું છે.

પૂ. માની સૂચના પ્રમાણે સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફ-થી—શીરા ને દૂધનો સરસ નાસ્તો અને જલેબી ને ફરસાણનું સ્વાદિષ્ટ ભોજન—સાધકોએ માણી પ્રસન્નતા અનુભવી.

આ આખા કાર્યક્રમનું સંચાલન સેવક ટ્રસ્ટી શ્રી રાજુભાઇ જાનીએ કર્યું. સાધકોને આજના દિને વર્ષ માટે આધ્યાત્મિક નિયમો લેવો તેમણે ખાસ અનુરોધ પણ કર્યો.

આગલી રાતે સાધક ભાઇબહેનોએ સ્વર્ગારોહણની સફાઇ અને ઉત્સવ નિમિત્તે સુશોભનની ખાસ કામગીરી ઉત્સાહથી બજાવી. કેટલાક સાધકો મોડે સુધી રોકાઇ પોતાના પ્રણામ, પ્રદક્ષિણા ને જપના સંકલ્પો પૂરા કરતા જણાયા. તે દશ્ય પણ ખરે જ સરસ હતું.

○



# ગુરુપૂર્ણિમાની ગુરુદક્ષિણા

નારાયણ હ. જાની

ગુરુપૂર્ણિમાના પર્વનું મહત્ત્વ એ છે કે ગુરુ શિષ્યના જીવન-માં ક્રાન્તિ લાવી, તેને આત્માભિમુખ કે ઈશ્વરાભિમુખ કરે છે. તો એવા ગુરુના ઋણને યાદ કરવાનું. બદલામાં કંઇ તેના ચરણે ધરવાનું.

આ આર્યસંસ્કૃતિનું એક મહા પર્વ છે. તેને આજે કેટલાક સંતો કે મહંતોએ કેવળ શિષ્યો પાસેથી દાન કે ભેટસોગાદો એકત્રિત કરવાના દિન તરીકે—તેનું માહાત્મ્ય પ્રસ્થાપિત કર્યું છે. જે કેટલાક અંશે યોગ્ય કે વ્યાજબી નથી. સાચા ગુરુની એ અપેક્ષા હોય છે કે તેમનો શિષ્ય ગુરુના ઋણને યાદ કરી, તે દિવસે સાધનાત્મક ક્ષેત્રે આગળ વધવા નવા નિયમો લે કે સંકલ્પો કરે અને પૂરી નિષ્ઠા સાથે લીધેલા નિયમોનું પાલન કરી—પ્રભુપંથે આગળ વધે.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજીનો આજ અભિગમ હતો. એટલે તો તેઓએ ગુરુભાવમાં આવીને શિષ્યો વધાર્યા નહિ, કે તેઓની પાસેથી આ પર્વના નિમિત્તે કંઇ લેવાની અપેક્ષા પણ રાખી નહિ. આમ છતાં જે સાધક ભાઇબહેનોએ પોતાના પક્ષે શિષ્યભાવ ધારણ કરીને તેમનું માર્ગદર્શન મેળવ્યું ને સાધનાત્મક ક્ષેત્રે આગળ વધ્યા, તેમની પાસેથી કદી કંઇ લેવાની અપેક્ષા રાખી નહિ. એઓશ્રીનું સમગ્ર જીવન કેવળ મા જગદંબાના ભરોસે જ ચાલતું. આપનાર માણસો કદીક ભાવથી પ્રેરાઇને આપવા પ્રયત્ન કરતા તો ખૂબ વિવેકપૂર્વક જરૂરત જેટલું જ ગ્રહણ કરતા અને સામાન્ય સાંસારિક ભક્તોની

ભેટમાંથી પ્રતીકાત્મક એકાદ રૂપિયો લઇ, બાકીની રકમ પ્રસાદરૂપે પાછી લોટાવી દેતા.

પૂ. મા સર્વેશ્વરીનો પણ ગુરુપૂર્ણિમા અંગે પૂ. ગુરુદેવ જેવો જ અભિગમ રહ્યો છે. પૂ. માએ એ જાહેર કરી દીધું છે કે ગુરુપૂર્ણિમાથી શરૂ કરી પૂ. શ્રીના જન્મદિન તા. ૧૫ મી ઓગસ્ટ દરમ્યાન ભક્તો કે સાધકો પાસેથી કશું જ ના લેવું. ટ્રસ્ટ માટે પણ તે દિવસોમાં કદી ભેટ સ્વીકારવી નહિ. તેવી સ્પષ્ટ સૂચનાનો અમલ આ દિવસો દરમ્યાન કરવામાં આવે છે.

તો આ પર્વ નિમિત્તે પૂ. માને શું ગમે? પૂ. માને ગુરુપૂર્ણિમા નિમિત્તે સાધકો અંબાજીના સ્વર્ગારોહણમાં આવે. યોગતીર્થ એ એક જીવંત પ્રગટ તીર્થરૂપ છે, ત્યાં બેસી સાધના કરે ને નવા વર્ષ માટે દૈનિક સાધનામાં ઉમેરો કરતા નવા નિયમો ધારણ કરે. પોતે જ પોતાના ચોકીદાર બને—અને પ્રભુના પંથે પોતાની થઇ રહેલ પ્રગતિ કે પીછેહઠના સમીક્ષક બને.

આ તીર્થ જીવંત એટલા માટે બન્યું છે કે પ. પૂ. માએ તેમ જ સાધકોએ પોતાની સાધનાનો સઘળો અર્ક એમાં ઠાલવ્યો છે. અનેક વ્રતો, ઉપવાસો, પારાયણો, જપો અને સ્તોત્રપાઠના ગાનોથી—એનું સમગ્ર પરિસર તે પવિત્ર ધ્વનિનાં સ્પંદનોથી સ્પંદિત થયું છે. રખે માનતા કે આ સ્પંદનોની શક્તિ કાળના વહેવાથી—કમજોર બની જાય. એ બને જ નહિ. આધ્યાત્મિક સ્પંદનોની એ અનોખી શક્તિ છે. ભૌતિક પરિવર્તનો તેની શક્તિનો હ્રાસ કરી શકતાં નથી. પણ તેનો અનુભવ તો જ થાય જો—તેના પરિઘમાં આવનાર વ્યક્તિ પોતે સાત્ત્વિક ને પવિત્ર હોય, ઈશ્વર કે આત્માભિમુખી હોય. સંભવ છે કે કોઇ શંકા કરે તો તેનો અનુભવ સર્વસાધારણ માણસને કેમ નથી



થતો? ઈશ્વર છે તો કેમ દેખાતો કે અનુભવાતો નથી. આકાશમાં તારા છે, દૂધમાં જ ઘી છે—પણ સીધી દષ્ટિથી બધાંને થોડું જ દેખાય? તે માટેનો પુરુષાર્થ ને પરિક્રિયા કરવાં જ પડે.

આપણે પણ પોતાની જાત કે પ્રભુને પારખવાની ક્ષમતા કેમ વધે તે માટે કેવો પુરુષાર્થ કરવો જોઇએ—તે માટે સ્વર્ગારોહણ અવશ્ય આવીએ. પૂરી શ્રદ્ધાભક્તિથી ગુરુ કે ગુરુમાઇને ઉપાસીએ—તો આ અઘરું નથી. અઘરું કે અશક્ય એ લોકો માટે છે જેઓને અહીં આવી—ઘેર જઇને ભૂલી—ભૌતિક રાગદ્વેષભરી પ્રવૃત્તિઓમાં ખોવાયેલા રહેવું છે. જાતે કશું જ કરવું નથી. આત્મજાગૃતિ કે આત્મનિરીક્ષણ કરવું નથી, ફક્ત થોડા પૈસા કે ભેટ ધરીને—કશું જ કષ્ટ ઊઠાવ્યા વગર ભગવદ્‌કૃપા કે ભગવાન મળી જતો હોય તો મેળવી લેવો છે. સંસારનું સુખ પણ જોઇએ છે ને ભગવદ્‌કૃપા પણ. આમ બે વિરોધાભાસી વસ્તુઓ એકસાથે શી રીતે સંભવે? અંધકાર અને પ્રકાશ એક સાથે કેમ રહી શકે?

પૂ. ગુરુદેવ અને પૂ. મા એ કહે છે કે જીવન ટૂંકુ છે ને તેમાં કરવાજેવું કોઇ ખાસ કામ હોય તો પ્રભુપ્રાપ્તિ છે. સંસાર ખૂબ ભોગવ્યો. હવે તો જાગો. અને ખરે જ જાગ્યા હો તો આવો અહીં સ્વર્ગારોહણમાં. આ કોઇ સાંપ્રદાયિક સ્થળ નથી. ભલેને તમે ગમે તે પ્રભુના સ્વરૂપને ભજતા હો. કોઇ વાંધો નહિ. અહીં એક એવી આધ્યાત્મિક શક્તિ વ્યાપેલી છે. જે પેલા વિજળીના કરંટ જેવી છે—જેનો ઉપયોગ તમે લાઇટ, પંખો, ફ્રીજ, ટીવી, કોમ્પ્યુટર કે ટ્રેઇન ચલાવવામાં કરી શકો. તે જ રીતે અહીંની આધ્યાત્મિક શક્તિ તમને દોરશે—શ્રદ્ધાપૂર્વકનું શરણ અને મા જગદંબાનો પ્રેમાળ ખોળો વિશાળ છે ને ઈશ્વરની શક્તિ અનંત છે. પછી ડરવાની જરૂર ક્યાં છે!

*ગુરુપૂર્ણિમાના દિવસે સાધકોએ વર્ષ માટે લીધેલા નવા નિયમની જાણ પ્રભુને ચીઠ્ઠીદ્વારા કરવાની સૂચના શ્રી રાજુભાઈ જાનીએ સહુ સાધકોને કરી.*


જીવનનું ચઢાણ ચઢતાં થાકીએ ત્યારે પણ વીતાવેલા સાધનાત્મક જીવનને યાદ કરી વિચારવું કે સાધનાનો મોટાભાગનો પંથ તો કપાઇ ગયો છે. હવે તો સાધનાની સિદ્ધિ નજીકમાં જ છે. એમ સમજી સાધનાનાં સોપાનો સર કરવા કમર કસવી. **—મા સર્વેશ્વરી**

**ઘર : ૨૪૮૦૪૨૮ ઓફિસ : ૨૩૬૦૩૭૬**
**મોબાઈલ : ૯૮૨૪૨૧૫૨૬૭**

**ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન**

**"સત્યવાન" તથા "ચંદન"**

**૬, ૮ તથા ૧૦ હો. પા.**

—: બનાવનાર :—

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

૧/W, ભક્તિનગર ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, **રાજકોટ**—૩૬૦૦૦૨




**પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનો**

# ગુરુપૂર્ણિમા નિમિત્તે સંદેશ

**મા સર્વેશ્વરી**

ગુરુપૂર્ણિમાનો પ્રકાશ પ્રત્યેક હૈયામાં પ્રગટો. આપણા જીવનમાં કોઈ માર્ગદર્શક જ ના હોત તો? કોઈ રાહબર કે આંગળી પકડી દોરનાર જ ના હોત તો?

આપણે ક્યાં હોત? હે ગુરુ ભગવંત આપ જ પ્રત્યક્ષ પ્રગટી અમને સર્વપ્રકારે સર્વક્ષેત્રે સર્વક્ષણે રક્ષા છત્ર ધર્યું છે.

આપની સંકલ્પસૃષ્ટિ છે સ્વર્ગારોહણ. જ્યાં આપે આપના પુનિત ચરણારવિંદ અંકિત કર્યા.

પૃથ્વી ઉપર આપનું પવિત્ર સ્મરણતીર્થ છે સ્વર્ગારોહણ. અહીં પ્રવેશતાં જ આપનું પ્રેરક સ્મરણ તીવ્ર બનો.

આપ આ તીર્થક્ષેત્રે વિશેષરૂપે પ્રકાશીત છો એથી જ આપણે સૌ એ વિશેષ પ્રકાશને પામવા વારંવાર સ્વર્ગારોહણ આવીએ છીએ.

સર્વશ્રેષ્ઠ સુખ પણ સ્વર્ગારોહણમાં જ આવીને સાથે મળીને માણવાનું અને અતિકષ્ટપ્રદ દુઃખ મળે તો તે પણ સ્વર્ગારોહણમાં જ આવીને વહેંચવાનું.

જીવનમાં એક મહામહિમાવંતુ તીર્થ સ્વર્ગારોહણ છે. જ્યાં શ્રી ગુરુદેવના અનેકવિધ સંદેશાઓ સાંભળવા મળે છે.

સાધનાના અને સેવાના, સ્વચ્છતાના અને નિયમિતતાના શાંતિના અને આનંદના, પ્રેમના અને પવિત્રતાના. સર્વ સંદેશા સ્વર્ગારોહણમાં રાતદિવસ સંભળાયા કરે છે.

કોને સંભળાશે! જેનામાં શ્રદ્ધા છે, જેનામાં ભક્તિ છે, જેમાનામાં ગુરુદેવ પ્રત્યેનો અહોભાવ છે, જે ગુરુદેવને સમર્પિત છે. તેના કર્ણપ્રદેશ ઉપર આ સંદેશા ઝીલાઈ રહ્યા છે.

સ્વર્ગારોહણનાં ત્રણ પર્વ છે. ૧૮ માર્ચ, ગુરુપૂર્ણિમા અને ૧૫ ઓગસ્ટ. આ ત્રણ પર્વે ઋણમુક્ત થવા, ફરજ છે એમ સ્વીકારી અનિવાર્ય હાજરી આપવી એ આપણું પરમ કર્તવ્ય છે.

આપણી તીર્થયાત્રા સ્વર્ગારોહણ. આપણું સાધનાક્ષેત્ર છે સ્વર્ગારોહણ. કુટિયામાં બિરાજેલા તે સૌ આપણી વાટ જોયા કરે છે. શું આપણે તે સૌને નિરાશ કરીશું? ના. ત્રણ પર્વે તો દર્શન કરવા જઈશું જ. પણ જીવનમાં જ્યારે જ્યારે જેટલી તક મળે તે સઘળી સ્વર્ગારોહણમાં જ વીતાવીશું.

તો જ ગુરુઋણમાંથી આંશિક મુક્તિ પામીશું. હે ગુરુદેવ, આપના લક્ષકોટિ ઉપકારો સામે અમે સ્વર્ગારોહણની ધરતી ઉપર વસીશું, વિચરીશું, પ્રણમીશું, પ્રાર્થીશું.

ગુરુદેવ શ્રી યોગેશ્વર પ્રભુના દિવ્યદેહમાં સર્વ તીર્થો, સર્વ શાસ્ત્રો, સર્વ મંત્રો, સર્વ દેવીદેવતા વસે છે અને એમના શ્રી ચરણ જે ધરતી ઉપર વિચર્યાં તે ભૂમિ સ્વર્ગારોહણ પણ તીર્થનું જ સ્વરૂપ સર્જે છે.

શ્રી ગુરુદેવનું સ્મરણ, પૂજન, અર્ચન જેને જેને કરવું હોય તેને તેને માટે સ્વર્ગારોહણ જ શ્રેષ્ઠ મંદિર છે. અહીં યોગતીર્થના એક એક કણમાં શ્રી ગુરુદેવપ્રભુનો નિત્ય વિહાર છે. કુટિયામાં સ્વયં બિરાજીને સૌને દર્શનનો મહાપ્રસાદ નિત્ય ધરી રહ્યા છે. સર્વનાં દુઃખોને દળવાનો એમનો નિત્યનો વ્યાપાર કુટિયામાં અનાદિકાળથી ચાલ્યા જ કરે છે.



એ પવિત્ર શક્તિપીઠમાં દરેક પર્વે પધારીને એમની પાસેથી આશીર્વાદનો મહાથાળ પામવાની પ્રત્યેક શ્રદ્ધાળુ ભક્તની ફરજ છે.

જે પોતે એ ફરજ બજાવશે તેને તેને ગુરુભગવંતની વિશેષકૃપા મળશે જ. મળે જ છે.

ગુરુપૂર્ણિમાના પાવનપર્વે ગુરુદેવપ્રભુની આ સંકલ્પસૃષ્ટિનો મહિમા માની કલમે શ્રી ગુરુદેવપ્રભુએ જ ધર્યો છે.

જાગો, ઉઠો. પહોંચો એ પવિત્ર પાવનતીર્થે અને ત્યાં જઈને વિશેષ નિયમોથી કરી લો પૂજન. કરી લો પુરુષાર્થ અને પામી લો ગુરુકૃપાનો પ્રસાદ.

હે ગુરુભગવંત! આપના મહિમાને અમે ઝીલી શકીએ. આપનું પણ વિસ્મરણ ના કરીએ. આપની અમીદૃષ્ટિથી રક્ષાયેલા રહીને અનંત જન્મો સુધી આપને જ શરણે રહીને મુક્તિનો મહારસ માણીએ.

આપને, આપની એ વિહારભૂમિને, આપની દિવ્યતાને અમારા સૌના લક્ષકોટી પ્રણામ હો, પ્રણામ હો, પ્રણામ હો.

સૌનું સર્વપ્રકારે મંગલ હો, સૌનું સર્વપ્રકારે કલ્યાણ હો. સૌને સર્વોત્તમ સાધના કરવાની શક્તિ પ્રાપ્ત હો. સૌને સર્વપ્રકારે શાંતિ હો.

ગુરુકૃપાનો મહાપ્રસાદ આ જીવનનાં એક એક પૃષ્ઠો ઉપર પથરાયેલો જોઈ સકાય છે. ગુરુકૃપાનું જીવંત સ્મારક આ જીવન છે. આ જીવન ગુરુકૃપાનું મંગલમય તીર્થ છે.

એક સામાન્ય પ્રવાહને ગુરુદિશામાં સહજ રીતે વાળીને અલિપ્ત, ન્યારૂ, નિરાળુ, હરિયાળુ જીવનક્ષેત્ર કોણ કરી શકે?

શા માટે એ જીવન જ પસંદગી પામ્યું? પૃથ્વી ઉપર ગુરુ-મહિમાને પુનઃજીવન બક્ષવા કોણે આ પુરુષાર્થ પ્રારંભ કર્યો?

ગુજરાતની જ ધરા ઉપર આ ગુરુકૃપાનું અમૃત કોણ ધરી રહ્યું છે!

જરા ઓળખી લો. એ ઉજ્જ્વળ, સાધના પરાયણ જીવન પાછળ કોનો દોરી સંચાર છે!

પામી લો એને, વધાવી લો એને. સ્વીકારીલો એને.

એ જ પામવા જેવા છે, એ જ પૂજાપાત્ર છે એ જ આરા-ધવાયોગ્ય છે. એમને જ આપણા જીવનમંદિરમાં પ્રતિષ્ઠિત કરવા જેવા છે.

એ સામાન્ય માનવદેહધરી અસામાન્ય દૈવી કાર્ય કર્યાં કરે છે. હજાર આંખથી એ સૌને જોયા કરે છે. હજાર કાનથી સૌને સાંભળ્યા કરે છે. હજાર ચરણોથી સૌની પાછળ દોડ્યા કરે છે. હજાર હાથથી આશીર્વાદ ધર્યા કરે છે.

એ છે કોણ? ગુરુપૂર્ણિમાએ એને પરખવા, યથાશક્તિ પુરુષાર્થ કરી લઈએ. એના સ્મરણે એને પકડવા પ્રયત્ન કરી લઈએ. એના સંકીર્તનથી એને આપણી વચ્ચે અવતરીત કરીએ. એના અંગપ્રત્યંગમાં વસતા ચિન્મય તત્ત્વને અનુભવી લઈએ.

આવો, આપણે સૌ સાથે મળી શ્રી અને શક્તિના એ પ્રકાશીત પૂંજની પ્રદક્ષિણા કરીએ. પ્રણામ, પાઠ, પ્રાર્થના અને પ્રદક્ષિણાથી એને પ્રસન્ન કરી લઈએ.

શા માટે ગિરિકંદરામાં દોડવાની ઈચ્છા કરે છે? એકાંત સેવન કે કઠોર સાધનાથી પ્રાપ્ત થતું નવનીત પામવા દૂર દેશાવર જવાની ક્યાં જરૂર છે?



પાસે જ છે, નજીક જ છે, જરા કાન દઈને સાંભળ. ગુરુ-કૃપાનું મનહર મંગલ ગાન છેક સામેથી જ સંભળાયા કરે છે.

જરા આંખ ઉઘાડીને જો. તારી સામે જ એકવેંતનું અંતર નથી. ધ્યાનથી જોઈ લે. એના જીવનની ક્ષણે ક્ષણને જોઈલે.

એને કોણ કેવી રીતે જીવાડી રહ્યું છે? એને અખંડ આનંદ-ના મહાસાગરમાં કોણ સ્નાન કરાવી રહ્યું છે? એ રાતદિવસ મંત્રના તાંતણે કોને બાંધી લેવા મથી રહ્યું છે?

જોઈ લે. પ્રભુએ સાવ સમીપે વસવાની સોનેરી તક આપી છે! જરા આંખને ચોળીને તારી અર્ધનિદ્રાને હળવેથી હઠાવીને સ્પષ્ટ દીવાજેવું દર્શન કરી લે.

જે જે વિશેષતા તને એ જીવનમાં દેખાય છે, તે તારામાં કેટલી છે? પૂછી લે પોતાને. એ વિશેષતા તું પોતે કેટલી તારા જીવનમાં ઉતારી શકે છે? જરા પ્રયત્ન કરીને ખાત્રી કરીને સ્વીકારીલે. એ સત્યને સમીપથી માણીલે.

એ સત્યને ગાંઠે બાંધીલે એ સત્યને ચકાસીને વરવા માટે સજ્જ થઈ જા. જોજે અમૂલ્ય ક્ષણો હાથમાંથી સરકી ના જાય. સાવધાન. અનંત જન્મોનાં સુકૃતે તને સમીપે વસવાની શક્તિ ધરી છે તો ઉઘાડી આંખના સત્યને સ્મરી લે. એ સત્યદર્શનની સંપતથી સંપતિવાન બની જા.

તને જ આ તક મળી છે. તો શંકા, કુશંકા, વહેમ, વાદ-વિવાદ કે ચર્ચામાં સમય ના વેડફ. અમૂલ્ય ક્ષણોને શ્રદ્ધાથી સજાવી લે. સામાન્ય મનના સંવાદોને લક્ષ્યમાં ના લે. વારંવાર આ અવસર ના મળે. જાગીને જાણીલે. પામીલે. માણીલે.

○

# જીવન

જોને જરી વિચારી આજ, મોંઘું જીવન ચાલે છે!

દિવસે દિવસે થાયે ખાલી તારી જીવન અમૃત પ્યાલી,
તેનો સ્વાદ લઈલે માણી, મોંઘું જીવન ચાલે! છે! ...જોને.

દુર્લભ દેવોને આ કાયા, એવા એના ગુણ ગવાયા,
એથી કૈંયે પ્રભુને પાયા, મોંઘું જીવન ચાલે છે! ...જોને.

આ સંસાર તણી છે શાળા, મનની ફેરવ એમાં માળા,
સર્વે દળદર મટશે તારાં, મોંઘું જીવન ચાલે છે! ...જોને.

સત્ય દયા ને સેવા ભજને, કૂડા વિકાર મનના તજને,
સાચો બન મન કરમે વચને, મોંઘું જીવન ચાલે છે! ...જોને.

આવી કંચન જેવી કાયા, એથી તોડી બંધન તાળાં,
મેળવ શાશ્વત શાંતિધારા, મોંઘું જીવન ચાલે છે! ...જોને.

પાગલ પ્રભુની પાછળ બનતાં, પ્રભુને શ્વાસોશ્વાસે જપતાં,
કરજે દર્શન પ્રેમે તપતાં, મોઘું જીવન ચાલે છે! ...જોને.

– યોગેશ્વરજી



પૂજ્ય યોગેશ્વરજીદ્વારા રચાએલ

# તુલસીકૃત રામચરિતમાનસનું રસદર્શન–૩

(ગતાંકથી આગળ) સંકલન : **નિર્ભયરામ કા. વૈષ્ણવ**

તુલસીદાસજી કહે છે : ભગવાને દિવ્ય સચ્ચિદાનંદ સ્વરૂપ ધરી અનેક સંતો–ભક્તોનું મંગલકાર્ય હાથ ધર્યું છે તે માટેની અનેકવિધ લીલાઓ તેઓ કરી રહ્યા છે.

યોગેશ્વરજી કથાને રોચક સ્વરૂપે રજૂ કરતા કહે છે :

દિવ્ય સચ્ચિદાનંદરૂપ તે ભગવાને તનુ દિવ્ય ધરી,
લીલા અનેકવિધ ભક્તોના મંગલ માટે શ્રેષ્ઠ કરી.
પરમ કૃપામય શરણાગતવત્સલ ભક્તોના અનુરાગી,
કૃપા કરીને શીઘ્ર અર્પતા રિદ્ધિસિદ્ધિ વણમાગી.
દીનબંધુ એ સ્વામી સૌના સરળ પુનિત શક્તિશાળી,
એવા હરિનો યશ વર્ણવતાં સફળ કરે કવિજન વાણી.

ભક્તોનો ભક્તિભાવ કેવો સફળ થાય છે તે દર્શાવતા કહ્યું છે :

મહાનદી પર સેતુ જો શ્રમની સાથ કરાય,
નાની કીડીથી ય તો સહેજે પાર જવાય.
એવી રીતે પ્રેરણા પામી શક્તિ વળી,
કથા કરું રઘુપતિતણી અભિનવ ભાવભરી.

તુલસીદાસજી પોતાને કથામૃતની પ્રેરણા અર્પનારાઓની વંદનામાં કથા પ્રારંભ પહેલાં કોને કોને યાદ કરે છે તે યોગેશ્વરજીના શબ્દોમાં થોડું જોઈ લઈએ :

વ્યાસ આદિ આદર્શ કવિ હરિગુણના ગાનાર,
નમું એમના ચરણમાં, કરો મનોરથ પાર.

કલિયુગના કવિને ય હું નેહે નમન કરું,
રઘુપતિગુણનું જેમણે વર્ણન રસે કર્યું.

કવિઓને યાદ કર્યા પછી છેલ્લે કહે છે : તુલસીદાસજી :

કબિ કોબિદ રઘુબર ચરિત માનસ મંજુ મરાલ।
બાલ બિનય સુનિસુરુચિ લખિ મો પર હોહુ કૃપાલ॥

સોરઠો :

બંદઉઁ મુનિપદ કંજુ રામાયન જેહિં નિરમયઉ।
સખર સુકોમલ મંજુ દોષ રહિત દૂષન સહિત॥

આ અંગેનો યોગેશ્વરજીનો ભાવ જોઈએ :

કવિ પંડિત, છો રામના માનસરોવર હંસ,
અરજ સુણી રુચિ દેખતાં બનો છો કૃપાવંત.
ખર રાક્ષસની વાતનું વર્ણન છે જેમાં,
તોપણ અતિ કોમળ સુભગ મંજુલ સ્વર જેના.
દૂષણ સહિત છતાંય જે દૂષણ રહિત ગણાય,
રામાયણની મધુમયી રચના દિવ્ય મનાય.
તેના કવિ વાલ્મિકીને હવે કરું વંદન,
કવિ કુળગુરુ મહાન જે રઘુવર યશ ચંદન.

આગળની વંદના વેદ, બ્રહ્માજી, ગંગા—સરસ્વતી, શંકર—પાર્વતી અયોધ્યા—સરયૂ માટે કરી છે.

અયોધ્યા આવીને શ્રીરામ પરિવારને તો ભૂલાય જ નહી ને! યોગેશ્વરજીની મૂલવણી જોઈએ.

કૌશલ્યાને વંદના પૂર્વ દિશા સમજે,
કીર્તિ જેની વિશ્વમાં બધે જ વ્યાપક છે.
સુખદ સર્વને, હિમસમાં ખલનાં કમળોને,
રઘુપતિ પ્રગટ્યા ચંદ્રશા એ જનની ખોળે.



સૌ રાણી સાથે નમું રાજા દશરથને,
મૂર્તિ પુણ્યકલ્યાણની તનમનને વચને.
પિતા થવાને જેમના બ્રહ્મા આશ કરે,
સેવક સમજી એમનો મારું જાડ્ય હરે.
રામચંદ્રના ચરણમાં સત્ય સ્નેહવાળા,
દશરથને વંદન કરું પુણ્યકર્મવાળા;
વિયોગ ના વેઠી શક્યા રામચંદ્રનો જે,
તૃણ પેઠે તનને તજી ભેટ્યા મૃત્યુને.

જનક વિદેહીની વંદના કરતાં કહે છે :

અપાર પ્રેમ ધરાવતાં રામચરણ કમળે,
પરિજન સાથે પ્રેમથી નમું જનકને એ,
ભોગયોગમાં પ્રેમને જે રાખેલો ગુપ્ત,
જોતાંવેંત જ રામને પ્રગટ્યો તે જ પ્રસુપ્ત.

ચારેય ભાઈઓ અને હનુમાનજીની વંદના કઇ રીતે થઈ છે તે પણ જોઈએ.

જેના વ્રત તપ નિયમ અપાર, રામને જ સમજે જે સાર,
મધુપ બની મન રામચરણ, તજી કરે ના ક્યાંય ભ્રમણ,
એવા સુરતા સ્નેહ સદન, ભરત ચરણમાં પ્રથમ નમન.
વંદન લક્ષ્મણ ચરણ કમળ, શીતળ સુભગ ભક્ત હિત કરન,
રઘુપતિ કીર્તિ પતાકા પરમ, દંડસમો યશ જેનો વિમળ,
એ લક્ષ્મણને કરું નમન.

કૃપાસિંધુ ગુણના ભંડાર, માત સુમિત્રાના શિરતાજ,
વરસો કૃપાતણો વરસાદ, અનુકૂળ બનો એ પણ આજ.
ભરતને સદા અનુસરતા, શૂર સુશીલ અભય ધરતા,
રિપુસૂદન શત્રુઘ્ન ચરણ, કરું ભાવથી ખૂબ નમન.

રામે કરી સ્વયં બહુમાન, કર્યાં જેમના પરમ વખાણ,
મહાવીર સેવક હનુમાન, કરું એમને આજ પ્રણામ.

ખલ વન પાવક જ્ઞાનમય પવનકુમાર પ્રણામ.
ધનુષબાણ ધારી વસે હૃદય જેમના રામ.

જાંબવાન, સુગ્રીવ, અંગદ, વિભીષણ તથા ભક્તો– પશુપંખી સૌને વંદન કરી માતા સીતાજીને પાછળ રાખી વંદના કરતાં કહ્યું છે :

જનકસુતા જગદંબિકા અતિપ્રિય રઘુવીરને,
સીતાના ચરણે નમું, દો નિર્મળ મતિને.

છેલ્લે સંભાર્યા :

ધનુષબાણધારી વળી પદ્મનેત્ર પ્રભુ જે.
ભક્તતણાં સંકટ હરે સમર્થ સુખપ્રદ તે.
રઘુનાયકનાં મનવચનકર્મે વંદુ હું,
ચરણકમળને, શીશને ઢાળી વંદુ હું,
પાણી તથા તરંગ ને વાણી અર્થ સદા,
કહેવાય જુદાં છતાં, જુદાં નથી કદા;
દીનબંધુ શ્રીરામ ને સીતા પણ એવાં,
અભિન્ન છે, વંદન કરું ઉત્તમ વર લેવા.

• • •

અનેકવિધ વંદના કરીને તુલસીદાસજી નામ મહિમાનું પણ પુરાણ ભાવવિભોર થઈને વર્ણવે છે.

બંદઉઁ નામ રામ રઘુબરકો। હેતુ કૃસાનુ ભાનુ હિમકર કો॥
બિધિ હરિ હરમય બેદ પ્રાનસો। અગુન અનૂપમગુન નિધાન સો॥
મહામંત્ર જોઇ જપત મહેસૂ। કાસીં મુકુતિ હેતુ ઉપદેસૂ॥
મહિમા જાસુ જાન ગનરાઊ। પ્રથમ પૂજિયત નામ પ્રભાઊ॥



શ્રીરામના નામના મહિમાને યોગેશ્વરજીએ વર્ણવ્યો છે તે ઉપરના દોહાના અનુવાદ સાથે લઈ આગળ વધીએ.

કારણ સૂર્ય ચંદ્ર પાવકનું રામનામ છે રઘુવરનું,
બ્રહ્મા હરિહર સ્વરૂપ સાચે જીવન તેમ જ વેદતણું;
નિર્ગુણ ગુણ ભંડાર નામ એ ઉપમારહિત સહિત ઉપમા,
મહામંત્ર એ જપી મહેશ્વર કાશીમાં મુક્તિ ધરતા.

આગળ ગણપતિજી, વાલ્મીકિજી તથા શંકર–પાર્વતીજીના દૃષ્ટાંતોથી રામનામનું કેટલું મહત્ત્વ છે તે દર્શાવ્યું છે.

વાલ્મીકિજી ઊલટા જાપ મ..રા..મ..રા જપીને પણ પ્રભુદર્શન પામ્યા. શંકર ભગવાને હળાહળ ઝેર નામસ્મરણથી જ પચાવી જાણ્યું.

કહેવા સુણવા ને સ્મરવાથી અક્ષર એ સુખશાંતિ ધરે,
લક્ષ્મણની જેમ જ રામ ઉપર તુલસી પણ અનુરાગ કરે.

સર્વે અક્ષર પર રહે રકાર છત્ર બની,
મકાર મુકુટમણિ બની કે અનુસ્વાર થઈ.

"રામ" આ બે અક્ષરો કેટલું ઊંચું સ્થાન ધરાવે છે તેની થોડી કંડિકાઓનું રસપાન કરીએ.

નામ વિના ના રૂપનું થઈ શકે છે જ્ઞાન,
અધીન એથી નામને રૂપ, કહે વિદ્વાન.
રૂપ હોય સામે છતાં નામ વિના ન જણાય,
રૂપને નિહાળ્યા વિના પરંતુ નામ જપાય.
રામનામ મણિદીપને મુખમંદિરમાં ધાર,
તુલસી પ્રકાશ જો ચહે અંદર તેમ બહાર.
ગૂઢ રહસ્ય જાણવા માગે, નામ જપે તે નિશદિન રાત્રે,
બને જે નામજપમાં લીન, અષ્ટસિદ્ધિથી થાયે સિદ્ધ.

પીડાગ્રસ્ત જપે જો નામ, તેના સંકટ મટે તમામ,
દુ:ખ ટળે ને સુખ આપે, સિદ્ધ બને સઘળાંયે કામ.
વિશેષ કલિયુગમાં મહિમા, નામ તણો અતુલિત મહિમા,
નામ વિના કોઈ ન ઉપાય, બંધન નામ થકી જ કપાય.
સંકોચ વિના જો કહું મુજ વિચાર અનુસાર,
તો કહીશ કે રામથી મોટું નામ રસાળ.

(ક્રમશ:)

જ્ઞાન પ્રાપ્ત કરવા માટે ભગવા પહેરવાનું કાંઈ જરૂરી નથી, મહત્ત્વની બાબત તો છે સતત સાધના. મન, વાણી અને કર્મનો સંયમ.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૮૨૪૭૦૪૦૯૭

**દીપક સી. મહેતા**

**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧



# આપણા આધ્યાત્મિક ગુરુ અને ગુરુમાઈ

**પ્રો. તરલા દેસાઈ**

[ગુજરાતી ભાષાના ખ્યાતનામ પ્રોફેસર તરલાબેન દેસાઈ-એ પૂ. માની સૂચના અનુસાર આ ગુરુપૂર્ણિમાએ સ્વર્ગારોહણ અંબાજી પધારી 'ગુરુ અને ગુરુમાઈ' એવાં પૂ. મહાત્મા યોગે-શ્વરજી અને મા શ્રી સર્વેશ્વરીની આધ્યાત્મિક ઉંચાઈ પર જે સરસ મનનીય પ્રવચન આપ્યું, તે અધ્યાત્મના સર્વ વાંચકોના લાભાર્થે અહીં રજૂ કર્યું છે. આશા છે કે તે સહુને ગમશે. **તંત્રી**]

ગુરુણામ્ ગુરુ પૂજ્ય શ્રી યોગેશ્વરજીને પ્રણામ, પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીને પ્રણામ અને આપ સર્વને પણ પ્રણામ.

'ગુરુપૂર્ણિમા'ના મંગલ—પવિત્ર પર્વ નિમિત્તે સ્વર્ગારોહણ. 'યોગતીર્થ' અને 'મા' 'સર્વેશ્વરીતીર્થનો જેમાં સુભગ સમન્વય થયો છે, એવી પવિત્ર ભૂમિમાં આપણે સર્વ એકત્રિત થઈ શક્યા છીએ. એ આપણા સર્વનું પુણ્યભાગ્ય છે. અહીં આવતાં મારી જેમ કદાચ આપ સર્વને પણ સંકોચ થયો હોય કે, પૂજ્યશ્રી અને પૂજ્ય 'મા'ને આપણે આજે ધરી શકીએ એવું આપણી પાસે કંઈ નથી. પણ મેં 'મા' આનંદમયીના એક ભક્ત સાથેના સંવાદમાંથી આશ્વાસન લઈ લીધું છે. એની વાત આપને કરું. એક ભક્તે 'મા'ને કહ્યું 'હું તમારા માટે કંઈ જ નથી લાવી.' તો 'મા'એ કહ્યું તમે જે 'શુદ્ધ ભાવ' લઈને આવ્યાં છો તેનાથી હું સંતુષ્ટ છું. આ સિવાય મને જે ખવરા-વવામાં આવશે તે બહાર નીકળી જશે.' મને પણ થયું કે આપણાં માને આવો 'શુદ્ધ ભાવ' જ ખપે. એટલે એ લઈને તો

આવી છું. (અલબત્ત, ભાવનું શુદ્ધિકરણ પણ પૂ. 'મા' એ જ કર્યું છે) એટલે 'મા'નું જ 'મા'ને અર્પણ કરી ધન્ય બનીએ.

હવે પૂ. 'મા'એ આજના પુનિત અવસરે 'શુદ્ધ ભાવ'ને પ્રગટ કરતો 'શુદ્ધ શબ્દ' ઉચ્ચારવાની અનુજ્ઞા મને આપી છે. જો કે, હું તો 'કેવળ શબ્દ' લાવી છું, એમાં જે કંઇ અશુદ્ધિ રહી ગઇ હશે એને 'મા'નો અનુગ્રહ ચાળી નાખશે એવી શ્રદ્ધા છે, શુદ્ધ શબ્દની ઝલક જો ક્યાંક—ક્યાંક ગોચર આપને થઇ જશે તો તે પૂ. 'મા'ના મહામૌનનો જ પ્રસાદ છે એમ જાણી લેજો.

બીજું, શબ્દો તો અગાશીપર ચઢવા માટેના દાદર છે જે અગાશી પર ચઢી ગયું એણે બધું જ જોઇ લીધું છે એને બોલવાની જરૂર નથી. પૂ. 'મા' એટલે જ મૌનમૂર્તિ છે, મારી—તમારી—આપણી બકબક ચાલુ છે, પણ એને દાદર ગણી, સમજી, પૂ. 'મા'ની સહાયથી અગાશીસુધી જઇ શકાય.

કવિ મનોજ કહે છે :

'રસમ અહીંની જુદી વિષય સાવ નોખા,
અમારે તો શબ્દો જ કંકુ ને ચોખા.'

તો પ. પૂ. 'મા'એ શબ્દોને કંકુ—ચોખાનું ગૌરવ અર્પી આજના પુનિત દિને આ જીવને શિવત્વસભર આ તીર્થમાં તેડું કર્યું છે. એમનું ઋણ માથે ચડાવું છું. ચઢાવી ધન્યતા અનુભવું છું. અત્યાર સુધીનાં અનેક ઋણોમાં એકનો કિંમતી ઉમેરો! જાણું છું 'મા'નું કોઇ ઋણ કદી આ જીવથી ફેંકી શકાવાનું નથી કારણ કે મારી જ નહિ, આપણા સર્વની પ્રતીતિ છે કે, 'મા' આપણને જે પ્રેમ કરે છે, જે રીતે પ્રેમ કરે છે એનો કરોડમો ભાગ પણ આપણે બધા ભેગા મળીને એમને અર્પી શકીએ એમ નથી. માત્ર હર્ષદેવ કવિના શબ્દોમાં કહીએ : 'કલ્પવૃક્ષની



લેખણ લઇને લખતાં સરસ્વતીને કહેજો, ઈશ્વરના ગુણો ખૂટી જાય તો એમાં ઉમેરી લે માના ગુણો'.

ગઇકાલે અરુણાબહેને પ. પૂ. 'મા'ને ફોન કર્યો, 'તું ગુરુ પર બોલશે કે ગુરુમાઇ પર?' એવા 'મા'ના પ્રશ્નના ઉત્તરમાં અરુણાબહેને કહ્યું 'ગુરુમાઇ પર જ વળી તમે સર્વની જેમ એમના પણ પ્રાણપ્રિય છો. અને થોડા દિવસ પહેલાં પૂ. 'મા'નો ફોન આવેલો ત્યારે મેં કહેલું, 'મા'વિના અહીં બેટરી ચાર્જ કરનારું કોઇ નથી એટલે જાણે સ્વરૂપથી દૂર જતું રહેવાયું છે. એટલે પૂ. 'મા'એ સૂચવ્યું કે, 'સ્વર્ગારોહણ જઇ, વાર્તાલાપ આપો.' મેં 'કરિષ્યે વચનં તવ' કહેતાં જ 'મા' હસ્યાં અને લખ્યું 'તો તો હરિ હજાર હાથે વરસશે' ત્યારે મેં કહ્યું 'મા' અમારાં 'મા—હરિ' 'જો—તો'ની કોઇ શરત વિના જ સતત વરસતાં રહે છે. પછી તો ૨૧ મીએ સ્વર્ગારોહણ જવાનો નિર્ણય દૃઢ થઇ ગયો પણ વાર્તાલાપની વાત બાજુએ મૂકાઇ ગયેલી. પણ પ. પૂ. કરુણાળુ 'મા'એ અરુણાબહેનદ્વારા જાણે વિષય સૂચવી દીધો 'ગુરુ કે ગુરુમાઇ?' વિકલ્પ સાથેનો પ્રશ્ન. (શિષ્યની કચાશ જાણીને જ સ્તો!) એટલે 'મા'પ્રેરિત વિષય મસ્તકે ધરું. એ પહેલાં 'મા'ની આ યોજનાનું રહસ્ય જે હું સમજી છું તે જણાવું. મારે 'માઇ'પર બોલવાનું છે, આઇ (I) પર નહિ. (કારણ કે મોટાભાગના વક્તા વિષયને છોડી, જાતને જ આગળ કરતા હોય છે.) વળી 'માઇ' છે. પણ (My) મારાં જ નહિ (Our)—આપણાં સર્વનાં છે. આપણે બધાં એનાં સંતાનો છીએ. એટલે જ ગુરુ કે ગુરુમાઇ? વિષય પર જે શબ્દો, જે વાણી સક્રિય થશે, સંચારિત થશે એ 'મા' દીધેલ જ સૌગાદ છે. ગુરુપૂર્ણિમાએ શિષ્યો ગુરુને સૌગાદ આપે એવી

પરંપરા છે. પણ અહીં ગુરુમાઇ છે એટલે એ સામે શિષ્યોને સૌગાદ આપે, આજે હંમેશની જેમ!

જો કે, 'મા' આ બધું પિષ્ટપેષણ સાંભળી કહેશે 'છીણને છીણે એ વક્તા.' એટલે આપણે 'મા' સ્ફુરિત વાર્તાલાપની દિશા તરફ ગતિ કરીએ.

પહેલાં તો 'ગુરુ—ગુરુમાઇ' બે અલગ નથી, એક જ છે. જો એનો અર્થ સ્વર્ગારોહણસ્થિત પૂજ્યશ્રી યોગેશ્વર અને 'મા' સર્વેશ્વરી કરીએ તો! આ અનન્ય—અપૂર્વ અદ્વૈતનું રહસ્ય અહીંના કણ—કણમાં છીએ. એ અનુભવવા તો આપણે સર્વ અહીં એકત્રિત થયા છીં. એટલે ગુરુ—ગુરુમાઇમાં રહેલું 'ગુરુત્વ' શું છે એની સ્પષ્ટતા એક કથાદ્વારા કહેવા પ્રયત્ન કરીશ.

એક રાજાએ જાહેરાત આપી : 'મારે એવો ગુરુ જોઇએ જેનું કમ્પાઉન્ડ સૌથી મોટું હોય.' 'ઘણા આવ્યા. માત્ર એક જણ ઝાડ નીચે બેસી રહ્યો' એમ કહેતો કે, 'મારા કમ્પાઉન્ડની દીવાલો ક્ષિતિજમાં (જ્યાં ધરતી—આસમાનને મળે છે) છે.' રાજા એનો શિષ્ય બની ગયો. પૂજ્ય શ્રી યોગેશ્વરજી અહીં પ્રગટ સ્વરૂપે નથી, પ. પૂ. 'મા' પણ વિદેશમાં છે. છતાં એ ઉભય આપણી સંમુખ, આપણી મધ્યમાં, આપણી ચોતરફ વિરાજિત નથી, સર્વત્ર એમની ઉપસ્થિતિની સુગંધ નથી અનુભવાતી. એમ કોઇ કહી શકશે? અર્થાત્ આપણા ગુરુ—ગુરુમાઇ કોઇ કમ્પાઉન્ડમાં કેદ નથી. એમનું ચૈતન્ય સર્વકાલીન—સર્વવ્યાપી છે. અને એટલે જ અહીં એકત્રિત પ્રજા એમની શિષ્ય છે.

માતાપિતા શરીરનાં જનક—જનની છે તો ગુરુ 'આત્માના જનક' છે. આપણો આત્મા અનેક આવરણોમાં ઢંકાયેલો છે,



ગુરુ એક પછી એક એ આવરણ દૂર કરી, અજ્ઞાનના અંધકારમાંથી આપણને આત્માના પ્રકાશમાં લઇ જાય છે.

વિવેકાનંદે કહેલું 'પુસ્તકો બહારથી પ્રેરણા આપી શકતાં નથી. આત્માને જાગૃત કરવા અન્ય આત્મા જ પ્રેરણા આપી શકે. આ અન્ય આત્મા એ જ ગુરુ.' સંચાર કરવાની શક્તિ જેનામાં હોય એ ગુરુ અને સંચાર ગ્રહણ કરવાની શક્તિ જેનામાં હોય એ શિષ્ય. 'બીજ જીવંત બને જો ક્ષેત્ર ખેડેલું તૈયાર હોય.'

ગુરુને ઓળખવા કઇ રીતે? તો સૂર્યને જોવા કોઇ પ્રકાશની જરૂર નથી હોતી. માનવજાતિના ગુરુ (પૂજ્યશ્રી અને 'મા' જેવા) જ્યારે આપણી સહાય માટે આવી ચઢે છે ત્યારે આપોઆપ પ્રતીતિ થાય છે કે, આપણને 'સત્યની પ્રાપ્તિ' થઇ છે. આ સત્યપ્રકાશ આપણા અંતરતમમાં પહોંચી જાય છે પછી આપણે જ નહિ, આખું વિશ્વ પોકારે છે કે 'આ ગુરુ છે, આ સત્ય છે.'

શિષ્ય બનવાની યોગ્યતા શી? જ્ઞાનપ્રાપ્તિ માટેની પ્રજ્વલિત જિજ્ઞાસા અને પવિત્રતા.

ધર્મ માત્ર પુસ્તકો વાંચવામાં, પ્રવચનો કરવામાં કે સાંભળવામાં નથી. એ 'સતત પુરુષાર્થ' છે. આપણી પ્રકૃતિ સાથે ઝઘડવાનો એ પ્રયોગ છે, સતત સંગ્રામ છે. પ. પૂ. 'મા' કહે છે તેમ, 'મનને મિત્ર માની મનાવતા રહો અને શત્રુ સમજી ટપારતા રહો.' ધ્યેય પ્રાપ્ત ન થાય ત્યાંસુધી પ્રયત્ન ચાલુ રાખવાનો. એક દિવસ, બે મહિના, ત્રણ વરસ કે એક જિંદગીનો આ સવાલ નથી. સેંકડો જન્મો સુધીની આપણી તૈયારી જોઇએ. 'આત્મા' જ માનવીનું સર્વોચ્ચ ધ્યેય છે. એ જ

તેની પરમ પ્રતિષ્ઠા છે. આ માટે ગુરુ પરમ પવિત્ર હોવા જોઈએ તો જ તેની 'આધ્યાત્મિક શક્તિ'નો શિષ્યમાં સંચાર થાય. આ શક્તિ માત્ર પ્રેમરૂપી માધ્યમદ્વારા જ વહી શકે છે. એની અનુભૂતિ સદ્ભાગ્યે આપણે પૂજ્યશ્રી અને પ. પૂ. 'મા'ના પ્રત્યક્ષ—પરોક્ષ પ્રેમભાવથી કરી છે.

ગુરુ આધ્યાત્મિક પૂર્વજ છે, શિષ્ય તેના વંશજ છે એટલે વિનય, નમ્રતા, આદર, શ્રદ્ધા વગર અધ્યાત્મ પ્રતીતિ ન થાય. આવી ભાવનાદ્વારા સંચારિત જ્ઞાન—સત્યપ્રાપ્તિ કરતાં વધુ ઉચ્ચ—પવિત્ર અન્ય કશું નથી.

ભલે દુનિયાના ચારે ખૂણે શોધી વળો, હિમાલય, સહરાના રણ કે સમુદ્રને તળિયે જઇને શોધી વળો. પણ જ્યાંસુધી આવા ગુરુ ન મળે ત્યાંસુધી આપણને સાચો ધર્મ મળવાનો નથી. ઈશ્વરકૃપાથી આવા 'ગુરુ—ગુરુમાઈ' આપણને મળી ગયાં છે તો એની આગળ બાળકવત્ બની, એમનામાં પ્રત્યક્ષ ઈશ્વરનાં દર્શન કરીએ. જેમ જેમ એમનામાં આપણાં ચિત્ત તન્મય—એકાગ્ર થશે તેમ તેમ એમનાં શરીર અદૃશ્ય થઇ જશે અને ત્યાં 'સાક્ષાત્ ઈશ્વર' દેખાશે. પ. પૂ. 'મા'માં મને શ્રી રમણ મહર્ષિ, ભગવતી પાર્વતી અને શ્રી સરસ્વતીનાં દર્શન થયાં જ છે. એટલે આ 'કાગળ—શાહીની નહિ, આંખો દેખી બાત હૈ'

આવો એકનિષ્ઠ ભાવ અને પ્રેમ જ્યારે આત્મા—સત્ય—ગુરુ—પ્રભુ સમીપ પહોંચે છે ત્યારે એ પ્રભુ કહે છે : 'તારા પગમાંથી જોડા કાઢી નાખ કારણ કે જે જગ્યાએ તું ઊભો છે તે ભૂમિ અતિ પવિત્ર છે.' અને એ ભૂમિ આવી પવિત્ર હોય તો એના નામનું રટણ કરનાર કેટલો પવિત્ર હોવો જોઇએ? અને જેનામાંથી 'આધ્યાત્મિક સત્યો' પ્રગટ થયાં હોય—થતાં હોય એ



'ગુરુ—ગુરુમાઈ' સમીપ આપણે કેટલા આદરપૂર્વક જવું જોઇએ! કેટલા પવિત્ર થઇને જવું જોઇએ!

અલબત્ત, આવાં ગુરુ—ગુરુમાઈ સદૃશ ગુરુ જગતમાં વિરલ હોય છે, એને ઓળખનારાં તો એનાથી પણ વિરલ હોય છે. પણ આ સ્વર્ગારોહણ તીર્થક્ષેત્રમાં ઉપસ્થિત આપણે સૌ 'ઈશ્વર-ની સર્વશ્રેષ્ઠ અભિવ્યક્તિ' એવા 'પૂજ્યશ્રી—પ. પૂ. મા'ને પૂર્ણ તો નહિ તો ય આંશિક રીતે પણ પિછાની શકીએ છીએ એ આપણું પરમ સદ્ભાગ્ય છે. આ સદ્ભાગ્યને આયુષ્યભર અકબંધ રાખવા આપણે માત્ર એક જ જીવનસૂત્ર રટવાનું છે : 'મારા નજીકમાં નજીક, પ્રિયમાં પ્રિય મારા ગુરુ—ગુરુમાઈ પછી માતાપિતા કે અન્ય સ્વજન.' એમના પ્રત્યે અનન્ય શ્રદ્ધા અને નિરંતર પ્રેમ રહેવાં જોઇએ. 'આ ગુરુ—ગુરુમાઈ સ્વયં ઈશ્વર છે, ઈશ્વરથી એક તસુ કમ નહિ! માટે જ ઈશ્વરનો સાક્ષાત્કાર ન થાય ત્યાંસુધી આપણે એમને ઈશ્વરની પેઠે પૂજવાના છે. ગુરુ—ગુરુમાઈ એ ઈશ્વરે ધારેલો ગુપ્તવેશ છે. આપણે જેમ જેમ તેમને નિહાળ્યા કરીશું તેમ તેમ એમનું ઈશ્વરીરૂપ પ્રગટ થયેલું જોઇ શકીશું. પ. પૂ. 'મા' વારંવાર આપણને 'મા'ને માત્ર જોયા કરો' એમ કહે છે, એ સાદા વિધાનનો અર્થ આવો ગહન અને સૂક્ષ્મ છે!

આધ્યાત્મિકતા વ્યાખ્યાનો, ક્રિયાકાંડો, સિદ્ધાંતોમાં નહિ, 'સાચા આંતરિક વિકાસ'માં છે. ગુરુનો ચૈતન્યસ્પર્શ જ આપણને ચૈતન્યવંતા બનાવી શકશે. એ જ આપણી દીક્ષા જેનો અર્થ સ્ફુટ છે : 'આપણે દેહ નથી, આત્મા છીએ.' પછી ગુરુમાઈ અમસ્તાં કહેશે 'જા હવેથી આળસ ના કરીશ.' મારા જેવી આળસુને! તો હું જો એમની સાચી શિષ્યા હઇશ તો

આળસ કરી જ નહિ શકું, મારામાં આળસ કરવાની શક્તિ રહેશે જ નહિ. 'I can't be otherwise!!' —તો ક્ષણમાત્રમાં એક સહજ—નાનકડા ઉદ્‌ગારથી જીવનનું સમૂળગું પરિવર્તન કરી શકનાર શક્તિ, મહાશક્તિ માત્ર 'મા' જેવા તેજોમય આત્મામાંથી જ મળે છે. એટલે જ આજે, આ પળે 'જે દ્વન્દ્વાતીત, ત્રિગુણરહિત, વિમળ, પૂર્ણ જ્ઞાનમૂર્તિ છે તે સદ્‌ગુરુ—ગુરુમાઈને હું વંદું છું.'

આપણે ગુરુણામ્ ગુરુને અંતરથી કોટિ કોટિ પ્રણામ કરીએ અને પ. પૂ. 'મા'પર શ્રદ્ધા રાખીએ, એમની આજ્ઞા પાળીએ, કોઈ શંકાવિના એમને અનુસરીએ તો સાચું શિષ્યત્વ ધારી શકીએ.

ઈશ્વરકૃપાથી આપણામાં એવી જિજ્ઞાસા જાગૃત થાય જે આપણને બેચેન કરી દે, આપણા હરકોઈ કાયિક, વાચિક, માનસિક વ્યાપારમાં જિજ્ઞાસા સતત આપણને ટોકતી રહેશે, સહજ વિનમ્રતા રહેશે તો પછી ગુરુ આપણી સંનિકટ જ છે. એટલે મૂળ વાત જિજ્ઞાસાને એકાદ ગુરુપૂર્ણિમાના અવસર સાથે જ નહિ, જીવનસમગ્ર સાથે જોડવાની છે. તો જ ગુરુનાં પ્રેરણા—પ્રોત્સાહન આપણા આત્મતત્ત્વને જાગ્રત રાખી શકશે. અને આપણા માટે તો પ. પૂ. 'મા'ના સહજ ઉદ્‌ગારથી વધારે હિતકારી ઉપદેશ બીજો કોઈ નથી. પણ આપણે ઈશ્વરને જાણીએ છીએ પણ એની સાધના કરી શકતા નથી. ગુરુ—ગુરુમાઈને ઓળખીએ છીએ પણ એમણે પ્રબોધેલાં વિધાન મુજબ વર્તન કરતા નથી. પછી આપણી પ્રાર્થના ઈશ્વર શી રીતે સાંભળે? એટલે વાર્તાલાપને અંતે 'આત્મનિરીક્ષણ'ના સૂક્ષ્મદર્શક યંત્રદ્વારા સતત આપણે જાતને તપાસતા રહીશું તો



આજની ગુરુપૂર્ણિમાના પ્રસાદ કે ગુરુ—ગુરુમાઈના અનુગ્રહના અધિકારી લેખાઈશું.

એક સૂફી સંતની વાતથી આજના વાર્તાલાપનું સમાપન કરીએ. સંત ફાઝિલને તેના શિષ્યે કહ્યું, 'આખી રાત શાસ્ત્રચર્ચાથી ઘણી સુખમય નીવડી.' એ સાંભળતાં સંતે કહ્યું, 'આજની રાત અશુભ હતી કારણ કે તમે વિવિધ યુક્તિઓથી મારા મનને સંતોષ પમાડવાનો પ્રયત્ન કરતા હતા. હું તમને તમારી વાતોના ઉત્તરથી પ્રસન્ન કરતો હતો પણ એમ કરતાં આપણે બેઉ જણ ખુદાને ભૂલી ગયા હતા!'

'ગુરુપૂર્ણિમા'નો પવિત્ર—મંગલ અવસર આવા ગુરુ—ગુરુમાઈના 'સ્વરૂપ'થી દૂર રહેતા પરસ્પરના અનિત્ય વક્તા—શ્રોતાના સ્વરૂપમાં વીતે એના કરતાં સંગરહિત અંગતમાં એ નિત્યનો સાક્ષાત્કાર કેમ ન કરીએ?

બાકી આ વાર્તાલાપ જ્ઞાન—કર્મ—ભક્તિના સતત ઉછળતા સમુદ્રમાં એક ટીપા જેટલું પણ મહત્ત્વ નથી ધરાવતો એની જાણ મને છે જ છે, એ જાણ—જાણકારીને કારણે તો ઘણા ટોળમાં—મશ્કરીમાં આ જીવને 'જ્ઞાની' કહે છે!

એટલે પૂજ્યશ્રી પ. પૂ. 'મા' અને આપ સર્વને ફરી પ્રણામ કરી ક્ષમા યાચી હું વિરમું છું.

○

# મા મા શ્રી શારદાદેવી–(૩)

(ગતાંકથી ચાલુ) **પ્રો. અરુણિકા દરૂ**

### (૩) લગ્ન અને જીવનઘડતર

શિહડમાં શારદાનું મોસાળ અને શ્રી રામકૃષ્ણના ભાણેજ હૃદયરામનું ઘર પણ શિહડમાં. રામકૃષ્ણ ત્યાં અવારનવાર આવતા. એકવાર એક ઉત્સવપ્રસંગે હૃદયરામને ઘરે કીર્તન-સંગીતનો કાર્યક્રમ હતો. શારદા અને બીજા ગામવાસીઓ આ કીર્તન સાંભળવા શિહડ આવેલા ત્યારે એક સ્ત્રીએ સહજભાવે શારદાને પૂછ્યું : ''અહીં બેઠા છે એમાંથી તને કોની સાથે પરણવું ગમે?'' ત્યારે શારદાએ શ્રી રામકૃષ્ણ તરફ અંગુલિ-નિર્દેશ કર્યો હતો. એ ઘટનાને શી રીતે સમજાવી શકાય? શું એ દૈવીસંકેત હતો! ત્યારે શ્રી મા શારદા સાવ નાનાં બાલિકા હતાં.

શ્રી રામકૃષ્ણની ઉંમર ચોવીસ વર્ષની થઈ. તેઓ સાધના કરવામાં રચ્યાપચ્યા રહેતા. દુન્યવી લોકો એ સમજી શકતા નહીં એટલે એમને પાગલ ગણીને સાજાસારા કરવા દવાદારૂ, ગ્રહશાંતિ, ભૂવાજતિ વગેરે ઉપાયો અજમાવતા. પણ મા જગ-દંબાના વારંવાર દર્શન પછી રામકૃષ્ણનું વર્તન સ્વાભાવિક થવા લાગ્યું, એટલે એમની માતાએ તેમને સંસારના બંધનમાં બાંધી દેવાનું વિચાર્યું. એ માટે તેમને લાયક કન્યાની શોધ કરવા માંડી. ત્યારે શ્રી રામકૃષ્ણે કહ્યું : ''મારે લાયક કન્યા જયરામ-વાટીમાં રામચંદ્ર મુખરજીને ઘરે છે.'' અને એ રીતે તેમનું લગ્ન નક્કી થયું. આશ્ચર્યની વાત તો એ હતી કે ઈ. સ. ૧૮૫૯ ના મે માસમાં તેમનાં લગ્ન થયાં ત્યારે શ્રી મા શારદામણિદેવીની ઉંમર ફક્ત સાડા પાંચ વર્ષની હતી. લગ્નની બીજી સાંજે વહુને



લઈને જાન કામારપુકુર આવી. સાસુજીએ બાલિકાવધૂને ચઢા-વવા અન્ય શ્રીમંતને ઘરેથી દાગીના આણેલા તે હવે તેનાં અંગ પરથી ઉતારવાના હતા. સાસુજીને તેની મૂંઝવણ હતી. શ્રી રામકૃષ્ણે શારદા ઊંઘતાં હતાં ત્યારે તે બધાં કાઢી લીધાં અને તેમની માતાને આપ્યાં. બીજે દિવસે અબૂધ બાલિકાવધૂ શારદા-એ સાસુજીને પૂછ્યું : ''અહીં મારાં જે ઘરેણાં હતાં તે ક્યાં ગયાં?'' સાસુજી ગળગળાં થઈ ગયાં અને વહુને ખોળામાં બેસાડી બોલ્યાં : ''મારો દીકરો તને આનાથી સરસ દાગીના ઘડાવી આપશે.'' બાલિકા શારદા તો ચૂપ રહી પણ શારદાના કાકાને વાત જાણી ગુસ્સો આવ્યો. તે ભત્રીજીને લઈને જયરામવાટી ચાલ્યા ગયા.

લગ્ન પછી શ્રી રામકૃષ્ણ બે વર્ષસુધી દક્ષિણેશ્વર રહ્યા ત્યારબાદ તેઓ સાસરે ગયા અને ત્યાંથી શારદાને લઈને સજોડે કામારપુકુર ગયા, થોડા વખતમાં દક્ષિણેશ્વર જઈ, પાછા સાધનામાં ડૂબી ગયા.

શારદા તેરચૌદ વર્ષની વયે બે વાર કામારપુકુર ગયાં હતાં અને થોડો થોડો વખત રહ્યાં હતાં. શ્રી રામકૃષ્ણ તો દક્ષિણેશ્વર-માં રહી સાધના કર્યા કરતા. એકવાર શ્રી મા સાસરે હતાં ને હાલદારપુકુરમાં નાહવા જવાનું મન થયું. ત્યાં બીજાં કેટલાંક ઘર વટાવીને જવું પડે. તે સમયમાં બંગાળમાં આબરૂદાર કુટુંબની સ્ત્રીઓ એકલી છૂટથી બહાર હરીફરી શકતી નહીં. એટલામાં એમણે આઠ છોકરીઓને આવતી જોઈ. શારદા તેમની સાથે ગયાં અને સ્નાન કરી આવ્યાં. શારદા જેટલા દિવસ ત્યાં રહ્યાં ત્યાંસુધી આવું રોજ બન્યું. ચાર છોકરીઓ એમની આગળ ચાલે અને ચાર એમની પાછળ ચાલે. આ આઠ

છોકરીઓ કોણ અને ક્યાંથી આવતી હતી? રોજ સ્નાનને સમયે જ કેમ આવતી હતી? કોઈને તેની જાણ ન હતી. તો શું આ આઠ કન્યા તે માતા જગદંબાની આઠ સખીઓ હતી!

શ્રી રામકૃષ્ણના મોટાભાઈ રામેશ્વરની દીકરી લક્ષ્મી સાથે શારદા બાળપોથી વાંચતાં લક્ષ્મી પાઠશાળામાં જઈ શીખતી અને ઘરે શારદાને શીખવતી. પણ એકવાર શ્રી રામકૃષ્ણના ભાણેજ હૃદયરામે તે જોયું અને ચોપડી ઝૂંટવી લીધી. જો કે શિક્ષણ મેળવવા માટે શારદા એટલાં તો ઉત્સાહી હતાં કે તેમણે છૂપી રીતે બીજી ચોપડી વેચાતી લીધેલી. દક્ષિણેશ્વરમાં શારદા સાવ એકલાં હતાં. (શ્રી રામકૃષ્ણ સારવાર માટે શ્યામાપુકુર રહેતા હતા.) ત્યારે શારદા એક બહેન પાસેથી સરખી રીતે વાંચતાંલખતાં શીખેલાં. જો કે વાંચી સારી રીતે શકતાં પણ ખાસ વખતાં ન હતાં. પાછલી અવસ્થામાં તો તેઓ સહી પણ કરી શકતાં નહીં.

કામારપુકુરમાં રહ્યાં તે દરમ્યાન શારદા તરતાં, ગાતાં, સીવતાં, ભરતાં અને રસોઈ કરતાં બીજાનું જોઈ જોઈને સારી રીતે શીખ્યાં હતાં. અલબત્ત એમના જીવનવિકાસ માટે જરૂરી ઘડતર તો એમના જીવનસાથી શ્રી રામકૃષ્ણદેવે જ કર્યું હતું. એક તરફ તેમણે શારદા સમક્ષ પોતાના જીવનનો ઉચ્ચ આદર્શ ધર્યો અને તે માટે ધર્મમય ચારિત્ર્ય ઘડતરનું શિક્ષણ આપ્યું, તો બીજી તરફ રોજિંદા ગૃહજીવનની કેળવણી આપી. દેવપૂજા, બ્રાહ્મણો તથા અતિથિઓની સેવા, વડીલો પ્રત્યે પૂજ્યભાવ, નાનાઓ તરફ પ્રીતિ, કુટુંબીજનોની સમર્પણભાવે સેવા, લોક-વ્યવહાર, પરિવારજનો તરફ વ્યવહાર—વગેરેનું શિક્ષણ તો આપ્યું જ, સાથે સાથે નાની નાની જીવનોપયોગી વ્યાવહારિક



સમજદારી જેમ કે દીવાની વાટ કેવી રીતે સંકોરવી, દાળશાકમાં મસાલો કેમ કરવો, પાન કેમ બનાવવું—વગેરે બાબતોની પણ વ્યવસ્થિત કેળવણી આપી. સરળ, પવિત્ર, પતિવ્રતા શારદા આવું નિષ્કામ, નિઃસ્વાર્થ, અમૂલ્ય શિક્ષણ પતિ પાસેથી પામી.

શ્રી રામકૃષ્ણ તો આર્ષદૃષ્ટા હતા. તેમણે જોયું કે શારદા-મણિનું હૃદય અત્યંત નિર્મલ તથા કોરી પાટી જેવું સ્વચ્છ છે. શારદામણિમાં નિગૂઢ શક્તિ રહેલી છે પણ તેમને પોતાના સાચા સ્વરૂપની ઝાંખી નથી થઈ, એટલે તેમણે સમજપૂર્વક આ મુગ્ધસરલ બાલિકાને કેળવી. એથી શારદામણિની આંતર-ચેતનાનો વિકાસ થયો. શ્રી રામકૃષ્ણ હતા વાત્સલ્યસભર ગુરુ. તેમણે સંપૂર્ણ સમર્પિતા સરલહૃદયા શારદામણિને જિજ્ઞાસુ શિષ્યા તરીકે સ્વીકારી પોતાનો અમૂલ્ય જ્ઞાનભંડાર ઠાલવ્યો. એક તરફ ઉચ્ચ જીવનની અભિપ્સા જગાડી તો બીજી તરફ જીવન જીવવાની કળા પણ શીખવાડી. ભવિષ્યમાં પોતાનો કાર્યભાર ઉપાડી શકે તે રીતે તેમને કેળવવા માંડ્યા અને એ રીતે શારદામણિના અંતરમાં રહેલા આદ્યજનનીનાં સ્વરૂપને ધીમે ધીમે જાગૃત કરવા માંડ્યું.

આ રીતે સુશીલ યુવતી શારદા જીવનની ઉચ્ચ કેળવણી પામી અને સાચા અર્થમાં શ્રી રામકૃષ્ણ પરમહંસની લીલા સહધર્મચારિણી બની શકી. ભવિષ્યમાં આ વાતનો પ્રતિભાવ આપતાં શ્રી માએ તેમના ભક્તો સમક્ષ કહેલું : ''ત્યારથી મને એમ અનુભવ થતો કે મારા હૃદયમાં જાણે કે આનંદનો એક પૂર્ણ કળશ સ્થાપિત થઈ રહેલ છે.'' એથી મારું હૃદય ધીર, સ્થિર અને દિવ્ય ઉલ્લાસથી ભર્યું ભર્યું રહેતું.

શારદામણિ કામારપુકુરમાં ઘરનું બધું કામ પોતાને હાથે

કરતાં એટલે હંમેશા કામમાં રોકાયેલાં રહેતાં. એકવાર નજીક-ના એક ગામડામાં ધાર્મિક નાટક જોવા, બીજી સ્ત્રીઓ સાથે જવાની શારદામણિએ પતિ પાસે રજા માગી ત્યારે શ્રી રામકૃષ્ણે ના પાડી. પછી શારદામણિને દુઃખી જાણી પોતાની અપૂર્વ સ્મૃતિશક્તિ તથા અભિનયની આવડતવડે આખું નાટક ભજવીને બતાવ્યું અને એ રીતે તેમનું દુઃખ દૂર કર્યું.

ઈ. સ. ૧૮૬૭ માં લાંબી સાધના પછી હૃદયરામ તથા ભૈરવી બ્રાહ્મણીની સાથે રામકૃષ્ણ કામારપુકુર આવ્યા. શારદા-મણિને પણ તેના પિયરથી બોલાવ્યાં. શારદામણિએ ભૈરવીની ઘણી સેવા કરી. તેઓ એ ભૈરવીને પણ સાસુસમાન માન આપતાં. શારદામણિ કિશોરી મટી, ક્રમે ક્રમે રામકૃષ્ણની સાધનાની ઉત્તરાધિકારિણી તરીકે તૈયાર થતાં હતાં પણ ભૈરવીને મનમાં ભય હતો અને તેથી તે પીડાતાં અને બીજાને પીડા આપતાં. ભોળાં અને સરળ શારદામણિ ક્યારેય કોઈ ફરિયાદ કરતાં નહીં. તેઓ વધુ ને વધુ ચિંતનશીલ તથા નિઃસ્વાર્થ સેવિકા બની રહ્યાં.

શારદામણિ ચાર વર્ષ જેટલો લાંબો સમયગાળો પિતૃગૃહે જયરામવાટીમાં રહ્યાં, એ દરમ્યાન દક્ષિણેશ્વરથી એવી અફવા-ઓ આવી કે રામકૃષ્ણ ગાંડા થઈ ગયા છે. ગામલોકો શારદા-મણિને 'પાગલની વહુ' તરીકે જોવા લાગ્યા. આવી અણગમતી વાતો સાંભળવી ન પડે તે માટે શારદામણિ કોઈને ઘરે જતાં નહીં. રાતદિવસ પોતાનાં કામમાં ડૂબેલાં રહેતાં. બહુ મન મૂંઝાતું ત્યારે ભક્ત ભાનુફોઈ પાસે જતાં. આ ભાનુફોઈ બહુ નિર્મળ સ્વભાવનાં અને અંતરદષ્ટિવાળાં હતાં. તેમને સત્ય સમજાતું હતું. તેમણે શારદામણિના માતાને કહ્યું હતું કે તમારા



જમાઈ તો સાક્ષાત્ ઈશ્વર છે. હમણાં તમને વિશ્વાસ નથી આવતો પણ ભવિષ્યમાં તમે મારી વાત માનશો. ભાનુફોઈ રામકૃષ્ણ તથા શારદામણિને હર—ગૌરી સમજતાં. શારદામણિ માટે મન શાંત કરવાનું આ એક જ સ્થળ ગામમાં હતું.

શારદામણિને થયું એકવાર દક્ષિણેશ્વર જઈને જોઈ આવવું જોઈએ જેથી ગામમાં ફેલાયેલી અફવાની સત્યાસત્યની ખાતરી થાય. તેવામાં દોલપૂર્ણિમાના ગંગાસ્નાન માટે બધાં કલકત્તા જતાં હતાં એટલે શારદામણિએ પણ જવાની ઈચ્છા પ્રગટ કરી. તેમના પિતા તેમને લઈને જવા માટે તૈયાર થયા. સાઠ માઈલનો રસ્તો પગપાળા કાપવાનો હતો. શરૂઆતમાં તો શારદામણિ બધાંની સાથે ઉત્સાહમાં ચાલી શક્યાં. પણ લાંબી મુસાફરીની આદત નહીં છતાં તેમણે પોતાની અશક્તિ છૂપાવી રાખી, પરિણામે સખત તાવમાં પટકાયાં. એટલે પિતા તથા પુત્રીએ ન છૂટકે ધર્મશાળામાં આશરો લેવો પડ્યો. તાવમાં બેભાન અવસ્થામાં તેમણે જોયું કે એક અજાણી શ્યામવર્ણની સ્ત્રી માથાપર અને શરીર પર હાથ ફેરવતી તેમની પાસે બેઠી છે. પૂછતાં તેણે જણાવ્યું કે 'હું તમારી બહેન થાઉં' હું દક્ષિણેશ્વરથી આવી છું. તે સ્ત્રીના શીતળ સ્પર્શે શારદામણિનો શરીરદાહ મટી ગયો. બીજે દિવસે એ દિવ્યદર્શનથી તાવ તો ઊતર્યો જ પણ એક દિવ્ય ઉત્સાહની અનુભૂતિ થઈ. હૃદયમંથન પણ શમી ગયું. પછી તો પાલખીની પણ સગવડ મળી. લાંબી મુસાફરી તે પછી સુખરૂપ પૂર્ણ થઈ.

દક્ષિણેશ્વર પહોંચી તેઓ રામકૃષ્ણને મળ્યાં. તેમણે શારદા-મણિની માંદગી જાણી, ડોક્ટરને બોલાવી કાળજીભરી સારવાર કરી. ત્રણચાર દિવસમાં શારદામણિ સાજા થયાં અને રામ-

કૃષ્ણના માતાજી ચંદ્રાદેવી સાથે નોબતખાનાની ઓરડીમાં રહેવા ગયાં. રામકૃષ્ણને મળવાથી શારદામણિના મનનો સંશય દૂર થયો. તેમણે પ્રસન્નમનથી પતિ તથા સાસુજીની સેવામાં ચિત્ત પરોવ્યું. શારદામણિના પિતા રામચંદ્ર એ જોઇ સંતુષ્ટ થઇ પાછા ફર્યા.

આત્મજ્ઞાનનો ટૂંકામાં ટૂંકો રસ્તો પોતાના અહંને વિદારવાનો અને પરમના ચરણે સર્વ સમર્પણ કરવાનો છે.

—સ્વામી રામ

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,
મોરબી-૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨



# મારા ગુરુદેવ પ્રત્યે મારો અહોભાવ શા માટે?

નારાયણ હ. જાની

આજે ગુરુપૂર્ણિમા છે, તેથી મારા પૂ. ગુરુદેવનું સ્મરણ થાય તે સ્વાભાવિક છે. તેમાંય અંબાજીના સ્વર્ગારોહણ તીર્થમાં તેઓશ્રીનું સ્મરણ તીવ્ર બને અને તેમાંય યોગતીર્થની મુલાકાત તો ભૂતકાળનાં અનેક સંસ્મરણો ચિત્ત ઉપર ખડાં કરી દે—તેમાં તો નવાઇ જ શી?

કોઇને સહજ રીતે પ્રશ્ન થાય કે હે નારાયણભાઇ, તમે તમારા એ સહાધ્યાયી મિત્રમાં એવું તે શું જોયું કે તમે તેઓ પ્રત્યે આટલો બધો અહોભાવ ધરાવો છો? તમે તેઓના એક મિત્ર મટી તેઓના ગુણાનુવાદ ગાનાર એક ભક્ત શી રીતે બન્યા, એ તો અમને કહો.

આવા પ્રશ્નો ઘણા ભાઇઓ અમને પૂછે છે. ગુજરાતી ભાષાના સારા લેખક એવા શ્રી ઈશ્વરભાઇ પેટલીકરે પણ આવો પ્રશ્ન અમને એકવાર એપ્રિલ ૧૯૭૮ માં પૂ. શ્રી ગુરુદેવની ઉપસ્થિતિમાં પૂછેલો. મારે કબૂલ કરવું જોઇએ કે તે દિવસે પૂ. શ્રીની મહત્તા અને મહાનતાનો મારામાં જે ખ્યાલ કે સમજ હતાં, તેના કરતાં આજે એ મહાપુરુષની મહાનતા કેટલી બધી વિરાટ અને દિવ્ય છે, તેનું ચિત્ર ખૂબ જ સુસ્પષ્ટ રીતે મારા દિલમાં અંકિત થયેલું છે. એમ કહું તો કંઇ ખોટું નથી. સાથે સાથે મારે એ પણ સ્વીકાર કરવો જોઇએ કે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી પાસેથી ગુરુ પ્રત્યેની દૃષ્ટિ ને ભાવભક્તિ કેવાં હોવાં જોઇએ, તેના પાઠ તો અમે આ પૂ. મા પાસેથી જ શીખ્યા.

એક આદર્શ માનવ કેવો હોવો જોઈએ એ વાતો તો અમે પૂ. ગુરુદેવ સાથે અભ્યાસકાળમાં એટલે સને ૧૯૩૭–૩૮ માં ચર્ચતા. વળી સામાન્ય રીતે માણસોમાં દેખાતા રાગદ્વેષ, આસક્તિ, મમત્વ, અભિમાન–પદ અને પ્રતિષ્ઠાની પ્રાપ્તિની ઈચ્છાઓ ને ધનભેગુ કરવાની લોલુપતા બધે જ તે વખતે પણ જણાતી. વળી સ્ત્રીજાતિ પ્રત્યેનું દૈહિક આકર્ષણ પ્રબળપણે બધે જ દૃષ્ટિગોચર થતું. આમ તનના અને મનના અનેક પ્રકારના દોષો–વત્તાઓછા પ્રમાણમાં બધે જ વરતાતા. અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં પણ ચડસાચડસી ને હરીફાઈને બદલે ઈર્ષા વધારે જોવામાં આવતાં. પૂ. ગાંધીજીની અસરને લીધે સાદાઈએ કેટલાકોના જીવનમાં પગપેસારો કરેલો. પરંતુ તેમાં પણ સાચી હૃદયપૂર્વકની સચ્ચાઈ બહુ જ ઓછી, પણ દંભ વધારે જણાતાં. આની થોડી થોડી સમજ અમારામાં તે દિવસોમાં પણ હતી.

### સાદાઈ

પૂ. શ્રી ને અમે તો ગરીબ પરિવારોમાંથી આવતા હતા. એટલે સાદાઈ ધારણ કરવા અમારે કોઈ પ્રયાસ કરવાનો જ ન હતો. શરીર ઢાંકવા માટે સાદાં કપડાં અમને ઘરમાંથી મળી રહેતાં. તો પૂ. શ્રીને તેમની ઓરફનેજની સંસ્થામાંથી તે મળતાં. કોલેજમાં ભણ્યા ને તે પછી પણ અમે કદી બૂટ–મોજાં કે સ્વેટર વાપર્યાં ન હતાં. ઠંડી તો ત્યારેય પડતી પરંતુ અમારી આર્થિક પરિસ્થિતિ જ એવી હતી કે એ વસ્તુઓનો વિચાર કરવાનું પણ અમને પાલવે તેમ ન હતું.

### સ્વાદવિજય

પૂ. શ્રીએ અભ્યાસકાળથી જ ખૂબ સમજપૂર્વક કેટલીક ઉત્તમ ટેવો પાડવાનું શરૂ કરી દીધેલું, તેમાં ઠંડા પાણીએ



નાહવું, માત્ર પાતળી શેત્રજી ઉપર વગર ઓસીકે સૂવું, પોતાનાં કપડાં પોતે જ ધોઇ નાંખી સુંદર ઘડી વાળી વ્યવસ્થિત રાખવાં, નિયમિત વ્યાયામ કરવો. ખાવામાં સ્વાદિષ્ટ વાનગી-ઓ સંસ્થામાં ભાગ્યે જ બનતી. એટલે ભૂખ હોય તે પ્રમાણે ભાણામાં સામે આવતી વાનગી ખાધા સિવાય છૂટકો જ ન રહેતો. જ્યારે અમારે તો ઘર હતું. માતા–પિતા હતાં. તેઓ સામાન્ય સ્થિતિનાં હતાં પણ પ્રેમપૂર્વક ખવડાવતાં. અમારા ઘરમાં સાદુ મિષ્ટાન્ન ભોજન મહિનામાં બેએકવાર તો બનતું જ. એટલે સ્વાદિષ્ટ વાનગીઓની સમજ ને રસનો અનુભવ અમારી જીભને હતો. જ્યારે પૂ. શ્રીને તો સ્વાદવિજય સહજ રીતે જ આચરાઈ જતો, જે એમને સાધનાત્મક જીવનમાં ખૂબ મદદરૂપ થયો.

### ચોકસાઈ

અભ્યાસકાળમાં અમે સાથે હતા ત્યારથી જ અમે પૂ. શ્રીમાં ખૂબ ચોકસાઈ જોઇ છે. એમનાં દરેક પુસ્તક ઉપર વ્યવસ્થિત પૂંઠું ચઢાવેલું જોવામાં આવતું. તો નોટબુકો પણ એટલી જ વ્યવસ્થિત. સંસ્થામાં એમના ખાનામાં બધાં પુસ્તકો ને નોટો–સરસ રીતે ગોઠવેલાં અમે જ્યારે ત્યાં જતા ત્યારે જોતા.

એઓશ્રીની આ જ ટેવ તેઓ ભાઈલાલમાંથી ભગવાન બન્યા ત્યાંસુધી એક સરખી જોવામાં આવી છે. તેઓનાં કપડાં પણ સ્વચ્છ અને સરસ ઘડી વાળેલાં બધે વખતે જોવા મળતાં. જો કે પૂ. શ્રીનું જીવન જ એવું સાદું ને સરળ હતું કે તેમાં બીનજરૂરી વસ્તુઓનો સંગ્રહ જ ન થતો. ઓછામાં ઓછી વસ્તુઓથી સરસ રીતે કેમ જીવાય તેની કળા એ મહાપુરુષે અદ્‌ભુત રીતે આત્મસાત્ કરેલી. અને તેવી રીતે જ તેઓ

પાછલી અવસ્થામાં વિપુલતાની વચ્ચે વસવા છતાં, સંપૂર્ણ અલિપ્ત રીતે પોતાનું સાદગીનું સ્વત્વ જાળવીને જીવ્યા. વિદેશ જતાં કે વિદેશથી આવતાં એક માત્ર નાની સૂટકેશ ને થેલો એમની સંપત્તિ બની રહેતી.

દુનિયામાં આજે આવા અપરિગ્રહી સંતો શોધવા ક્યાં જવા?

કોઈપણ આધ્યાત્મિક ગુરુની પસંદગી કરતાં પહેલાં માણસે સૌથી અગત્યનું ધ્યાન એ રાખવાનું છે કે જેની આપણે ગુરુ તરીકે પસંદગી કરીએ છીએ તે વ્યક્તિએ પોતે પ્રભુપ્રાપ્તિ કરી છે કે કેમ? જ્ઞાનમાર્ગી હોય તો તે વ્યક્તિ આત્મસ્થ છે કે કેમ?

જો કે સામાન્ય માણસ માટે અંગત પરિચય વગર કે તેમનું આંતરિક જીવન જોયા અને જાણ્યા સિવાય આવું બધું કળી શકાતું નથી. છતાં ઈશ્વરદર્શી મહાપુરુષના વ્યવહાર ને બાહ્ય વર્તનપરથી જ તેમની આંતરિક સ્થિતિનો ખ્યાલ મોટે ભાગે આવી જ જાય. આ માટે જે મહત્ત્વનાં લક્ષણો છે તે કંઈક અંશે આવાં છે.

પ. પૂ. યોગેશ્વરજીના અંગત પરિચયે અમને આ વાતો સમજાઈ. તેઓ કહેતા કે સાચા સંત કે મહાત્માનું લક્ષણ એ છે કે તેમને પદ, પ્રતિષ્ઠા, પૈસા પ્રત્યે મોહ ના હોય. તેમનો લોકો પ્રત્યેનો વ્યવહાર પ્રેમભર્યો ને માનવીય હોય, સ્ત્રીઓ પ્રત્યેની તેમની દૃષ્ટિ અનાસક્ત ને પવિત્રતાપૂર્ણ છતાં આદરભરી હોય. તેમના જીવનમાં જ્ઞાન, વૈરાગ્ય અને વિવેકનું દર્શન થાય. ત્યાગ અને તિતિક્ષા પણ દેખાય ખરાં!

તેઓનું જીવન જોતાં અમને જણાયું કે તેઓ ખરે જ ખૂબ સરળ અને નિરાભિમાની છે. કોઈ મોટા સંતપણાનો વાણી કે



વ્યવહારમાં જરા પણ ભાર જણાય નહિ. કોઈ પણ પરિસ્થિતિમાં તેઓ સહજ રીતે પોતાની જાતને ગોઠવી શકે. તેમનું જીવન ખૂબ સાદુ, નખશીખ પવિત્ર અને અપરિગ્રહી. સ્ત્રીઓ પ્રત્યેનો એમનો વ્યવહાર મૃદુ, પ્રેમપૂર્ણ છતાં આદર ને મર્યાદાભર્યો.

આજે સમાજમાં જે પરિસ્થિતિ પ્રવર્તે છે તેની તુલના આ લક્ષણો સાથે કરો તો બહુ જ ઓછા સંતો કે મહાત્માઓ તેમાં પૂરા પાર ઉતરે.

પ. પૂ. યોગેશ્વરજીના સાધનાકાળ દરમ્યાન તેમને એક ભક્ત તરફથી ધાર્મિક વડાના પદની લોભામણી દરખાસ્ત આવેલી. કિન્તુ તેઓએ તેનો નમ્રતાપૂર્વક અસ્વીકારતાં જણાવેલું કે મારા જીવનનું પ્રધાન લક્ષ્ય પ્રભુપ્રાપ્તિ છે. તે જ્યાંસુધી સિદ્ધ ના થાય ત્યાંસુધી હું બીજું કશું વિચારી શકું તેમ નથી. એ જ રીતે સસ્તુ સાહિત્યના સ્થાપક સ્વામી શ્રી ભીક્ષુ અખંડાનંદજીએ પણ હિમાલય જતાં પહેલાં એમને એ સંસ્થા સંભાળવાનો પ્રસ્તાવ કરેલો. કિન્તુ પૂ. શ્રીએ તેની ના પાડેલી. આમ પૂ. શ્રી પહેલેથી જ સ્વતંત્ર રીતે રહી, જીવી, પોતાનો આત્મવિકાસ કરવાના ધ્યેયવાળા હતા. તેઓના સ્વભાવમાં કોઈ સંપ્રદાય, પંથ કે વાડામાં બંધાઈ જવાનું ન હતું.

વિદેશના પ્રવાસો દરમ્યાન પણ અનેક સ્થળોએ એમને આશ્રમ બનાવી સ્થાયી થવાની સાધકો તરફથી દરખાસ્તો આવેલી. પરંતુ પૂ. શ્રીનો તો એક જ જવાબ હતો. હું આશ્રમ કે મઠો બાંધવા કે તે માટેના ફાળા એકત્ર કરવા અહીં નથી આવતો, પરંતુ મા જગદંબાની ઈચ્છાનુસાર અહીં વસતા જીવતા આશ્રમો જેવાં ભાઈબહેનોના જીવન ઠીક કરવા આવું

છું. મને ઈંટ, માટી કે પત્થરોના આશ્રમો કરતાં આવા જીવંત વ્યક્તિઓમાં વધારે રસ છે.

વળી હું ભારતનો ચાહક છું. વિદેશોની ભૌતિક સુખ-સગવડો ને સમૃદ્ધિ ગમે તેટલી હોય, પણ મને મારો ભારતદેશ જ ગમે. સમૃદ્ધિની દૃષ્ટિએ પછાત લાગતા મારા એ દેશમાં જે આધ્યાત્મિક સંસ્કારો પડેલા છે તે દુનિયામાં બીજા દેશોમાં ક્યાંય નથી.

એ જ રીતે વિદેશયાત્રા દરમ્યાન પરદેશની કિંમતી ભેટ સોગાદો પણ ભક્તો ધરતા. તેમનો પણ પૂ. શ્રી વિનયપૂર્વક અસ્વીકાર કરતા ને કહેતા કે હું વિશ્વપ્રવાસી છું. જે સંગ્રહ કરે તે કદી સાચો પરિવ્રાજક ના બની શકે. રોજીંદા જીવનમાં જેટલું જરૂરી છે તે હું રાખું છું પછી વધારાનો ભાર વંઢારવાની શી જરૂર!

ઈંગ્લેન્ડના પ્રવાસ દરમ્યાન સમગ્ર યુરોપનાં કેથોલિક ચર્ચોમાં વસતા પાદરીઓને ભારતના યોગના પ્રશિક્ષણ માટેનો એક સરસ પ્રસ્તાવ પૂ. શ્રી સમક્ષ રજૂ થયો. શરૂમાં તેઓને લાગ્યું કે તેના પરિણામે ઘણા બધા લોકોને લાભ થશે તો જવામાં વાંધો નહિ. પરંતુ જ્યારે તેઓએ જાણ્યું કે પૂ. માતાજીને સાથે લઈ જવાય તેમ નથી, ત્યારે તેઓશ્રીએ સ્પષ્ટ ના જણાવી. તેઓએ કહ્યું કે હું મારી માતાને મૂકીને કે અલગ પાડીને આવી શકું નહિ. પ્રદેશો કે પ્રાકૃતિક સૌંદર્યો જોવામાં મને કોઈ દીલચસ્પી નથી. હું આત્મતૃપ્ત છું ને અંદરના એ આત્મિક સૌંદર્યની સરખામણીમાં બહારનું ગમે તેવું સુંદર પણ ફીક્કું લાગે.

ખોટી પ્રસિદ્ધિથી તેઓ હંમેશ દૂર રહેતા. અનેક પ્રકારની



સિદ્ધિઓ હસ્તગત હોવા છતાં કદી તેના મોહમાં ના તણાયા. હા, કદીક ક્યાંક સહજ રીતે એમની અદ્‌ભુત સિદ્ધિનો અણસાર મળી જતો, તો નમ્રભાવે કહેતા કે મા જગદંબાની ઈચ્છા એમ કરવાની હશે, એથી એમ થયું.

પૂ. શ્રીની આધ્યાત્મિક અવસ્થા એટલી બધી ઊંચી હતી કે સામાન્ય માણસને એમની આંતરિક ઊંચાઈનો ભાગ્યે જ ખ્યાલ આવે. તેઓનું સમગ્ર જીવન મા જગદંબાના પ્રત્યક્ષ આદેશ પ્રમાણે જ ચાલતું. કદી ક્યાંય પણ જવામાં કે કંઈ કાર્ય કરવામાં મા જગદંબાની અનુમતિ તેઓ પ્રથમ મેળવતા, પછી જ તે મુજબ કરતા. આ વાતો અમે પ્રત્યક્ષ નિહાળી છે, એટલે જ આ લખી રહ્યા છીએ. એવું પણ બનતું જોયું છે કે પૂ. શ્રીએ પોતાની ઈચ્છા અમને જણાવી હોય, પરંતુ પછી મા જગ-દંબાની અનુમતિ ના મળે તો તે કાર્ય તેઓ ના કરતા. આમ એકમાત્ર મા જગદંબાના ભરોસે ને આજ્ઞા પ્રમાણે જ એમનું સમગ્ર જીવન ચાલતું. તેઓ કહેતા કે પૂ. મા બેઠી છે પછી મારે ચિન્તા કરવાનું કારણ જ ક્યાં છે.

એ વાત સાચી છે કે આવી ઉચ્ચ આધ્યાત્મિક અવસ્થાએ પહોંચવા માટે તેઓને ખૂબ કઠણ તપ અને સાધના વર્ષો સુધી કરવાં પડેલાં. આ લેખકને શરૂથી જ તે પ્રત્યક્ષ નિહાળવાનું સૌભાગ્ય પ્રભુકૃપાએ પ્રાપ્ત થયેલું છે.

નાના હતા ત્યારે પૂ. શ્રી જે ઓરફનેજમાં રહેતા, તેની પડોશના મકાનમાં રહેતી એક ૧૩–૧૪ વર્ષની બાળાને ગણિત ભણાવવાનું કામ–તેઓને સોંપવામાં આવેલું. આ બાળા સ્વભાવે ચંચળ નટખટ અને શોખીન હતી. તેની એ મુગ્ધા-વસ્થામાં તે પૂ. શ્રી પ્રત્યે સહજ રીતે આકર્ષિત થયેલી. પરંતુ

કિશોર અવસ્થાથી જ પૂ. શ્રીમાં આંતરિક જાગૃતિ અને સંયમની ભાવના પ્રબળ હતી. તે વયે પણ તેઓએ દરેક સ્ત્રી સ્વરૂપમાં મા જગદંબા જ વિરાજે છે તેવું દર્શન કરવાની ટેવ પાડેલી તેથી જ આ બાળા તેઓશ્રીના મનને મોહિત નહિ કરી શકેલી.

આમ કિશોરવયથી જ તેઓ સ્ત્રીઓ પ્રત્યે પવિત્રભાવથી જ જોતા અને પછી તો મા જગદંબા તેમના ઉપાસ્ય બનતાં સર્વ નારી સ્વરૂપોને મનોમન પ્રણામ કરવાની ટેવ તેઓએ પાડેલી, જે જીવનભર રહી. સ્ત્રીઓ સાથેના પરિચયોમાં તેઓશ્રીની આ માતૃદૃષ્ટિ સહજ બની રહી.

એકવાર મુંબઈના સ્વામિનારાયણના દાદર મંદિરમાં તેઓ-ને સંપ્રદાયના આદ્યસ્થાપક પ. પૂ. સહજાનંદ સ્વામી પર પ્રવ-ચન આપવા નિમંત્રણ અપાયું. તે વખતે પૂ. માતાજી જ્યોતિ-ર્મયી તેઓની સાથે હતાં. મંદિરના સ્થાનપર ગયા પછી તેમને ખબર પડી કે પૂ. માતાજી તેઓની પાસે ના બેસી શકે. તેઓએ બહેનોના અલગ વિભાગમાં બેસવું પડશે. પૂ. શ્રીને આ ના ગમ્યું. પરંતુ તેઓની પ્રણાલિનો આદર કરી એ વખતે ચલાવી લીધું. પરંતુ પોતાના વક્તવ્યના સમાપનમાં ટકોર કરી કે મારાં માતાજીને મારાથી આ રીતે અલગ બેસાડવામાં આવવાના હોય, તો હું આ મંદિરમાં કદી પગ ના મૂકું. સ્ત્રીના શરીરને ભેદભાવને બદલે માતૃભાવની દૃષ્ટિથી શું કામ તમે જોતાં નથી? આજના યુગમાં મને તે યોગ્ય લાગતું નથી.

એઓશ્રીના જીવનમાં સંયમ સહજ અને સ્વાભાવિક જ હતો. તેઓ પાસે બહેનો પણ સરળતાથી આવતી જતી. તેમના મિલનથી તેમનામાં કદી વિકાર જ ના ઉઠતો. સરોડામાં એક પ્રસંગે તેઓએ આ વિષે વાત કરતાં કહેલું કે ''ઉઠવી શમવે તે



સંત, ના ઊઠે તે ભગવંત.'' તેની સમજ આપતાં તેઓએ કહ્યું કે કદી સ્ત્રીના સાન્નિધ્યે કોઈ વિકારનો તરંગ મનમાં ઊઠે, પણ સંતમાં વિવેક હંમેશાં જાગ્રત્ હોય એટલે તે મનને સમજાવી શમાવી દે, પરંતુ જેના મનમાં કોઈ પણ પરિસ્થિતિમાં વિકાર ના ઊઠે, તો તે વ્યક્તિને ભગવંત જ જાણવી. આમ પૂ. શ્રીના વર્ષોના નિકટના સહવાસ દરમ્યાન અમે કદી પણ એ મહાપુરુષમાં વાસના કે વિકારનો નાનો સરખો તરંગ ઉઠતાં જોયો નથી. એમની દૃષ્ટિ બ્રહ્મમયી બની ગઈ હતી અને મા જગદંબાનો ભાવ એવો તો તીવ્રતમ હતો કે દરેક સ્ત્રીને તેઓ મા સ્વરૂપે જ જોતા. મનનું કેવું પવિત્રકરણ! જે આજની દુનિયામાં ઇતિ અલ્પ જોવા મળે.

મારા ગુરુદેવે સંપત્તિનો સંગ્રહ કદી કર્યો નથી. તેમની પાસે ખાસ અંગત સંપત્તિ જેવું ખાસ કશું હતું જ નહિ. જ્યારે જ્યારે કોઈ જરૂર ઊભી થતી તો મા જગદંબા કોઈના ને કોઈના દિલમાં પ્રેરણા કરી તે પૂરી કરી દેતી. અરે, તેઓશ્રીના જીવન-માં ગોઠવાયેલી વિદેશ યાત્રાઓ પણ સહજ રીતે ગોઠવાઈ જતી. જે સંસ્થાઓ તેમને આમંત્રિત કરતી, તે જ તેઓનાં પ્રવચનો વિવિધ શહેરોમાં ગોઠવતી પરંતુ તેઓ પોતાનાં પ્રવચનોમાં કોઈ પ્રવેશ ફી ના રખાય તેનું ખાસ ધ્યાન રાખતા. ભારતીય સંસ્કૃતિની પરંપરા પ્રમાણે આધ્યાત્મિક જ્ઞાનનું વિતરણ વ્યાપાર કે અર્થોપાર્જનનો વિષય કદી ના બનવો જોઈએ. તે વાતનું તેઓએ જીવનભર ધ્યાન રાખ્યું.

આવા એક વિતરાગી મહાગુરુ આજના યુગમાં મળવા મુશ્કેલ. તેઓનો સિદ્ધાંત હતો કે સમાજ જ અમારા જેવા ત્યાગીઓના ભરણપોષણની વ્યવસ્થા સંભાળે છે, તો અમારી

પાસે જે જ્ઞાન અને આધ્યાત્મિક અનુભૂતિની મૂડી તે અમે સમાજના હિત માટે વિનામૂલ્યે પીરસતા રહીએ. આ કાર્ય તેઓએ પોતાનાં પ્રવચનો અને લેખનદ્વારા કર્યું. તેઓ જ્યાં વિચરતા ત્યાં આધ્યાત્મિક પ્રવચનો કે વાર્તાલાપો આપતા. તો વળી રોજ નિયમિત રીતે "સાચો ધર્મ કોને કહેવાય." તેની સમજ આપતા ગ્રંથોનું લેખન પણ કરતા. આ ઉપરાંત ભારત-ની પ્રાચીન આધ્યાત્મિક સંસ્કૃતિના પાયાના ગ્રંથો જેવા કે ઉપ-નિષદો, ગીતા, રામાયણ, મહાભારત, બ્રહ્મસૂત્ર, પાતંજલ યોગદર્શન ગ્રંથોને ગુજરાતી ભાષામાં અનુવાદિત કર્યા. સાથે સાથે પોતાની સાધનાત્મક અનુભૂતિઓને રજૂ કરતી પોતાની આત્મકથા—પ્રકાશના પંથે લખી. ભારતના આધ્યાત્મિક ઇતિ-હાસમાં એવા બહુ ઓછા સંતોએ પોતાની આધ્યાત્મિક સાધનો કડીબદ્ધ ઇતિહાસ પૂ. શ્રીના જેટલી ચોકસાઇથી નોંધ્યો હોય ને જાહેરજનતાના ચરણે ધર્યો હોય.

અમારું એ સૌભાગ્ય રહ્યું કે આવા એક વિરલ વિતરાગી સંત જેમણે પરમહંસ દેવશ્રી રામકૃષ્ણની જેમ પ્રભુના સાકાર સ્વરૂપોનાં દર્શનો કર્યાં, વાતચીતો કરી, સમગ્ર જીવન એમની દોરવણી પ્રમાણે વીતાવ્યું—તેમની સાથે જીવવાનો અવસર સાંપડ્યો.

અને સૌથી વિશેષ તો પોતાની સ્વાંતઃ સુખાયની સાથે પરજનહિતાયની પ્રવૃત્તિઓને આગળ વધારી પોતાના પ્રાગટ્ય-ને સાર્થક કરતું યુગકાર્ય આજે જે જગદંબાસ્વરૂપ પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી કરી રહ્યાં છે, તેમની પ્રત્યક્ષ ઓળખ અમને કરાવતા ગયા, એ શું ઓછો ઉપકાર છે?

અમારી પૂ. શ્રી ગુરુદેવ વિષેની આ બધી થોડી વાતો



વાંચ્યા પછી તમે પણ શું અમારા પૂ. ગુરુદેવ પ્રભુ પ્રત્યેના અહોભાવ અંગે સંમત નહિ થાવ? જરા આજના અન્ય સંપ્ર-દાયોના સંતો કે મહાત્માઓના જીવન સાથે—આ મહાપુરુષના તપ, જ્ઞાન, વૈરાગ્યને સરખાવી તો જોજો. જો તેમાં વિશેષતા લાગે તો એ મહાપુરુષની આત્મકથા પ્રકાશના પંથે જરૂરથી વાંચી જજો. એમની આધ્યાત્મિક અનુભૂતિસંપન્ન અમૃતવાણીનો આસ્વાદ કેસેટોના શ્રવણથી પણ માણી લેજો.

આવા અમારા આ પ્રભુના ચરણે ગુરુપૂર્ણિમા નિમિત્તે કે પૂ. શ્રીના પ્રાકટ્યદિન નિમિત્તે થોડા શબ્દોને ભાવોની અંજલિ ધરવાની અમારી આ ચેષ્ટાને ક્ષમ્ય ગણશો, એ જ વિનંતી.

○

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭
ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪

# શ્રદ્ધાંજલિ—શ્રી એસ. સી. મહેતા સાહેબને

તંત્રી

પ. પૂ. મહાત્મા યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના અનન્ય ભક્ત શ્રી એસ. સી. મહેતા સાહેબનો સ્વર્ગવાસ અમદાવાદ ખાતે તા. ૨૮—૭—૦૫ ના થયાના સમાચાર જાણી દુઃખ થયું.

તેઓશ્રીને પૂ. શ્રીનો પ્રથમ પરિચય ભાવનગર ખાતે સને ૧૯૭૪ માં થયો હતો. તે પછી તેમના પ્રેમાળ અને સેવા-પરાયણ સ્વભાવને લીધે પૂ. શ્રી યોગેશ્વરજીના ભરૂચ, નવસારી (વલસાડ) અને ગાંધીનગરનાં પ્રવચનો દરમ્યાન શ્રી મહેતા સાહેબ અને એમનાં ધર્મપત્ની શ્રી સ્નેહલતાબેનને તેઓશ્રીના યજમાન બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

પૂ. શ્રીની ભૌતિક વિદાય પછી પણ આ દંપત્તીએ પૂ. મા સાથેનો તેઓનો આત્મીય અને આદરભર્યો સંબંધ જાળવી રાખ્યો હતો. તેને લીધે જ પ. પૂ. માએ એમના ઘરમાં રહી એક મહિનાના કાષ્ટમૌનની આરાધના કરી હતી. તેમાં ૧૨ દિવસો દરમ્યાન પૂ. શ્રી યોગેશ્વર લીલામૃતની રચના તેઓએ કરી. એ રીતે તે કાવ્યમાં—આ 'સ્નેહ—શાન્તિ' ધામનો ઉલ્લેખ કરી પૂ. માએ આ દંપત્તીની સેવાઓને બીરદાવી છે.

એથીય વિશેષ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી શ્રી મહેતા સાહેબે અંબાજી ખાતે બંધાઈ રહેલ સ્વર્ગારોહણ તીર્થની પ્રથમ ઈમારત ઊભી કરવામાં પોતાનો એક કુશળ ઈજનેર તરીકેનો મોટો ફાળો આપ્યો હતો, જે હંમેશ માટે યાદગાર બની રહેશે.



શ્રી મહેતા સાહેબ ગુજરાત રાજ્યના જાહેર બાંધકામ ખાતામાં એન્જીનિયર તરીકે જોડાયા હતા અને નિવૃત્તિ સમયે તેઓ આ ખાતાના મકાન અને રસ્તા વિભાગના ચીફ એન્જી-નિયર તરીકેનો હોદ્દો ધરાવતા હતા. તેઓ ખૂબ પ્રામાણિક અને કર્તવ્યનિષ્ઠ હતા. તેઓનો મહત્ત્વનો ગુણ બિલકુલ નિરાભિ-માનીપણાનો અને ઓછાબોલાનો હતો.તેઓ ખૂબ સરળ, પ્રેમી, આનંદી, શ્રદ્ધાળુ અને સંવેદનશીલ વ્યક્તિ હતા. અતિથિસત્કાર અને સંતોની સેવાના કારણે આ દંપતી—સમગ્ર યોગેશ્વર પરિવારમાં ખૂબ આદરપાત્ર સ્થાન પામ્યું હતું.

થોડા મહિનાઓ પહેલાં પત્નીના આકસ્મિક અવસાન પછી તેઓ જીવનમાં એકલતાનો અનુભવ કરતા હતા. જો કે તેમની બંને દીકરીઓએ અને પરિવારના સભ્યોએ એમની સારસંભાળ રાખવામાં કસી કસર રાખી ન હતી.

પ. પૂ. મા સર્વેશ્વરી પણ તેઓના સ્વાસ્થ્ય વિષે સતત ચિંતીત હતાં. એથી જ સ્વર્ગારોહણના ગુરુપૂર્ણિમાના જાહેર કાર્યક્રમના પ્રારંભમાં જ તેઓની સૂચના અનુસાર સર્વ સાધકોએ એમના સ્વાસ્થ્ય અને શાન્તિ માટે સમૂહ પ્રાર્થનાઓ કરેલી.

એમની આમ અણધારી વિદાય અમારા માટે અને યોગેશ્વર પરિવાર માટે દુઃખદ ઘટના છે. પ્રભુ તેમના આત્માને સર્વ પ્રકારે શાન્તિ ધરે એવી અંતરની પ્રાર્થના છે.

પૂ. ગુરુદેવ પ્રભુ ને પૂ. મા તેમના પરિવારના સભ્યોને તેમની વિદાયના પરિણામે પડેલી ખોટ સહેવાની શક્તિ આપે—એ જ પ્રાર્થના.

○

# રસેશ્વરી

(ગતાંકથી ચાલુ) **શ્રી યોગેશ્વરજી**

## (૧૨)

### કૃષ્ણની અસાધારણતા

પરંતુ કષ્ટોની પરંપરાનો અંત હજુ એટલેથી જ નહોતો આવવાનો .

ગોકુલવાસીઓએ એવાં તો બીજા કેટલાંય કષ્ટોનો સામનો કરવાનો હતો.

કંસના કારાગૃહમાં જન્મેલા કૃષ્ણનું જીવન જાણે કે કષ્ટોથી જ ભરેલું હોય એમ એનો આભાસ આપતાં કષ્ટો એમના જીવનના આરંભકાળથી જ એક પછી એક આવવા માંડેલાં.

શકટાસુરના નાશથી કંસની ચિંતા વધી ગઈ.

એના ક્રોધનો પાર ના રહ્યો.

એણે કૃષ્ણનો નાશ કરવાના હેતુથી પ્રેરાઈને એમની પાસે વત્સાસુર, અઘાસુર,બકાસુર તથા ધેનુકાસુરને મોકલ્યા.

એ સૌએ પોતપોતાની શક્તિના પ્રયોગ દ્વારા કૃષ્ણનો નાશ કરવાનો પ્રયાસ કરી જોયો પરંતુ એ પ્રયાસ એમને માટે ઘાતક નીવડ્યો.

★ ★ ★

કૃષ્ણ ક્રમે ક્રમે મોટા થતા ગયા.

એ દિવસોમાં એક વાર એક મહાતપસ્વી વિદ્વાન મુનિએ ગોકુલમાં આવીને કૃષ્ણદર્શનની ઈચ્છાથી નંદજીનું આતિથ્ય ગ્રહણ કર્યું.



નંદે યશોદાના સહકારથી મુનિનો અત્યંત સ્નેહપૂર્વક સત્કાર કર્યો.

મુનિ સ્વયંપાકી હોવાથી પોતાની રુચિ પ્રમાણે રસોઈ બનાવીને ઈશ્વરને ભોગ ધરાવવા બેઠા.

આંખ બંધ કરીને એમણે ઈશ્વરનું ધ્યાન ધર્યું તથા મનોમન પ્રાર્થના કરી.

પરંતુ આંખ ઉઘાડીને જોયું તો એમના આશ્ચર્ય વચ્ચે કૃષ્ણ ભોજનની થાળીમાંથી શાંતિપૂર્વક આરોગી રહેલા !

એથી એમને દુઃખ થયું ને લાગ્યું કે પોતાની બધી મહેનત નકામી ગઈ.

એ ભોજનને ઉચ્છિષ્ટ સમજીને એમણે એનો ત્યાગ કર્યો અને નવેસરથી ભોજન બનાવવાનો આરંભ કર્યો.

ભોજનની એ સામગ્રીનો પોતાના આરાધ્યદેવને ભોગ લગાડીને એ ફરી વાર એમનું ધ્યાન ધરવા અને આહ્‌વાન કરવા બેઠા તો કૃષ્ણે ફરી વાર એ સ્વાદિષ્ટ ભોજનને આરોગવાનું શરૂ કર્યું.

મુનિ એથી વધારે દુઃખી થયા.

એમને માટે એ ભોજન પણ ઉચ્છિષ્ટ બની ગયું.

ત્રીજી વાર ભોજન બનાવવાની પ્રવૃત્તિમાં પડવાની ઈચ્છા એમને લેશ પણ ના થઈ. એમના અંતરમાં એને માટેનો ઉમંગ જ ના રહ્યો.

નિરાશ બનીને એમણે નંદ—યશોદા પાસે ફળ માગ્યાં ને બધી હકીકત કહી બતાવી.

(ક્રમશઃ)